[illegible]પાનકિની.

રાૈ[illegible] મેદા.

ઉષાનન્દિની.

પ્રો. એફ. ડબ્લ્યુ. બેઇનના

અંગ્રેજી પુસ્તક ઉપરથી.

ભાષાન્તર કરનાર

સ્વ. સૌ. ઊર્મિલા દયારામ ગિદુમલ.

મુંબાઈ—નિર્ણયસાગર પ્રેસ.

ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ,

મુંબઈ અને મદ્રાસ.

ઈ. સ. ૧૯૧૪. સંવત્ ૧૯૭૦.

Printed by Ramchandra Yesu Shedge at the Nirnaya-Sagar Press,
23 Kolbhat Lane, and Published by Humphrey Milford,
The Oxford University Press, Hornby Road Fort—Bombay.

પ્રસ્તાવના.

પ્રોફેસર બેઈનની રસિક અને અપૂર્વ રૂપની વાર્તાઓનો પરિચય ગુર્જર વાચક વર્ગને કરાવવાથી ગુર્જર સાહિત્યમાં પણ નવીન દિશાની રચનાનો ઉમેરો થવાનો સંભવ છે. કાંઇક આ ઉદ્દેશથી તેમ જ આ વાર્તાના અનુપમ સૌન્દર્યથી આકર્ષાઈને પણ, આ ભાષાન્તર કરવાની વૃત્તિ ઉત્પન્ન થઈ હતી. દૈવી ઇચ્છાથી ભાષાન્તર કરનારીને આ પોતાની કૃતિની પ્રસિદ્ધિ જોવાનો વારો આવ્યો નહિં; અને આ ટૂંકી પ્રસ્તાવના લખવાનું કર્તવ્ય મ્હારે શિર આવ્યુંછે. માત્ર ખુલાસાના શબ્દો કહીને મૌન ધારવાની ઇચ્છા છે.

સ્વ. સૌ. ઊર્મિલાનું વાચક વર્ગને ઓળખાણ કરાવવાનું મ્હારું કામ નથી, અને આવશ્યકતા પણ ત્હેની નથી. આ ભાષાન્તર સંપૂર્ણ કરવામાં માત્ર થોડીક જ ઊનતા આવી હતી. છેવટનાં બે પૃષ્ઠનું ભાષાન્તર કરવું બાકી રહ્યું હતું તેટલામાં ભાષાન્તર કરનારના ઐહિક જીવન ઉપર મૃત્યુનો પડદો પડ્યો. તેટલાં બે પાનાંની પૂર્તિ મરનારના બન્ધુએ ભાષાન્તર કરીને કરીછે.

આ પુસ્તકના નામ બાબત ખુલાસાની જરૂર છે. મૂળ અંગ્રેજી નામ A Heifer of the Dawn ની સૂચકતા પૂર્ણરૂપે સમાવાય હેવું નામ ભાષાન્તરમાં જડવું બહુ કઠણ પ્રથમ લાગ્યું; તેથી મધુપમંજરી એ વાર્તાનાયિકાના નામે નામ રાખવાનું ઠરાવ્યું હતું, અને મ્હેં પણ અનુમોદન આપ્યું હતું. ‘ ઉષાની વાછડી ’ એમ શબ્દશઃ ભાષાન્તર તો કોઇને પણ ગમે જ નહિં, ને બીજું મ્હને પણ જડ્યું નહિં. પરંતુ પાછળથી મ્હને ‘ઉષાનન્દિની’ નામ યોજવા યોગ્ય સૂઝી આવ્યું, અને તે ભાષાન્તર કરનારીને પણ સ્વીકાર્ય થાત જ એમ માનુંછું. આ નામમાં મૂળ નામના સૂક્ષ્મ અર્થોની સૂચકતા વિવિધ રીતે પૂરાઈછે એ સુજ્ઞ વાચકોને જણાઈ આવશે. ‘ ઉષા’નો અર્થ પ્રભાત, પ્રભાતની દેવતા છે, તેમ જ ‘ ગાય ’ પણ છે; ‘ નન્દિની ’ નો

અર્થ પુત્રી છે, તેમ જ કામધેનુની પુત્રીનું વિશેષ નામ પણ 'નન્દિની' છે. વાર્તાનાયિકા નાયક આગળ રોજ ઉષાકાળે આવેછે, તે પણ હેને ઉષાની નન્દિની બનાવનારું એક સ્વરૂપ છે; તેમ જ ઉષામાં આનન્દ પામનારી અથવા આનન્દ આપનારી—એ ભાવ પણ આવી સકેછે. આમ અનેકરૂપે 'ઉષાનન્દિની' નામ રુચિકર લાગ્યું તેથી તે સ્વીકાર્યું.

ભાષાન્તરની નકલ ઉતરાવતે થવાના કેટલાક સુધારા—માત્ર જરૂર જેટલા જ—મ્હારે હાથે કરવાની છૂટ મ્હેં લીધીછે; જે સુધારા કોઇ પણ મિત્રાદિકની સૂચનાથી સ્વીકારાય ત્હેવા જ અને તેટલા જ અલ્પ કરવામાં આવ્યાછે.

ભાષાન્તર કરવાની પરવાનગી ઉદારતાથી આપવા માટે પ્રોફેસર બેઈનનો ઉપકાર માનવાનું કર્તવ્ય—ભાષાન્તર કરનારીની વાચા સનાતન મૌનમાં વિલીન થવાને લીધે—મ્હારે બજાવવાનું છે; તે અન્તઃકરણથી બજાવુંછું.

વાંદરા,
તા. ૩ જી ફેબ્રુઆરી ૧૯૧૪.

નરસિંહરાવ ભોળાનાથ.

અનુક્રમણિકા.

ઉષાનન્દિની.

મંગલાચરણ.

જ્યહારે લજ્જાયુક્ત પાર્વતી પોતાના સ્વામીનાં બે નયનો ઉપર પોતાના હાથ મૂકીને પોતાના સૌન્દર્યનું દર્શન ત્હેને ન થવાનો યત્ન કરતી હતી ત્યહારે, કામદેવને પોતાની તીવ્ર જ્વાળાથી ભસ્મ કરવાની શક્તિ ધરતું હોવા છતાં, પુષ્પસમાન મૃદુતાથી ઊઘડીને પાર્વતીને મૂંઝવણમાં નાંખી સક્યું, તે સર્વ મનોભાવ ઉપર પ્રભુતા મેળવનાર મહાદેવના મહાન્ ત્રીજા નેત્રને નમસ્કાર

પૂર્વે બીજા કલ્પમાં એક મૂર્ખ રાજા હતો. હેને બે વસ્તુઓ તલવારની તીક્ષ્ણ ધારની પેઠે હૃદયમાં ખૂંચી, ચિન્તા પેસાડીને નિદ્રા રહિત રાખતી હતી. એક પોતાની સ્વરૂપવાન કુંવરી, અને બીજું હેનો શૂરવીર શત્રુ એ બે હતાં. કારણ હેનો શત્રુ ઘણો બળવાન હતો, અને પોતાની પુત્રી ઘણી બુદ્ધિશાળી હતી, તે ઉપરાંત હેનો શત્રુ તરુણ હતો અને પોતાની પુત્રી કુંવારી હતી. ઘણા સમય સુધી વ્યર્થ માથાફોડ કર્યા પછી આખરે એક રાત્રિયે એ જાગતો સૂતો હતો ત્યહારે હેને એક વિચાર સૂઝ્યો, અને બોલી ઊઠ્યો કે "આહા! હું વિષ અને અમૃત ભેગાં કરીશ, અને પુત્રીના સૌન્દર્યનો સાગર મ્હારા શત્રુના શત્રુભાવના અગ્નિ ઉપર રેડીશ. એમ કર્યાથી એ અગ્નિ હોલવાઈ જશે, અને મ્હારા રાજ્યની નિર્ભયતા, મ્હારી પુત્રીને સ્વામી, અને મ્હારે પોતાને માટે વિશ્રાન્તિ અને ચિન્તામાંથી મુક્તિ મળશે." આ વિચારથી હેને એટલો તો હર્ષ થયો કે એ ઘાંટો પાડીને બોલી ઊઠ્યો, તેથી હેના રક્ષકોએ ધાર્યું કે રાજાને કાંઇક સંકટ પડ્યું છે, તેથી રક્ષકો દીવા લઈને અંદર દોડી આવ્યા; પરંતુ રક્ષકોએ રાજાને વસ્ત્રહીન અવસ્થામાં હાથ ઊંચા કરીને વાછરડાની પેઠે ખંડમાં કુદતો જોયો, અને "હા! હા! મ્હારો શત્રુ! મ્હારી પુત્રી!" બોલતો સાંભળી રક્ષકોએ ધાર્યું કે હેની અલ્પબુદ્ધિનો અંત આવીને એ ઘેલો થઈ ગયો છે, પરંતુ રાજાએ ગવૈયાઓને તેડાવરાવ્યા, અને આનન્દમાં રાત્રિ ગાળીને પ્રાતઃકાલ થવાની વાટ જોવા લાગ્યો.

પ્રાતઃકાલે એક દૂત પસંદ કરીને પોતાના એલચી જોડે શત્રુને સંદેશો કહાવ્યો કે "આપણે મિત્રતા બાંધીને પૃથ્વી ઉપર શાન્તિથી રાજ્ય કરિયે, અને મ્હારી પુત્રીનું ત્હારી સાથે લગ્ન કરાવીશ અને હેના બદલામાં કાંઇ પણ માગીશ નહીં, મ્હારી ભેટ કે'વી છે તે ત્હારે ત્ય્હાં આવશે ત્ય્હારે ત્હને ખબર પડશે. જો હું હેના ગુણનું વર્ણન અને હેનું મૂલ્ય પ્રથમથી કરૂં તો ત્હારી દૃષ્ટિએ અસત્યવાદી ઠરૂં." આ પ્રમાણે સંદેશો લઈને એલચી ગયો. પરંતુ રાજાની પુત્રીને આ વાતની ખબર પડ્યાથી પિતાથી ગુપ્ત રીતે, પોતાની તરફથી, પોતાના ભવિષ્યમાં થનાર પતિ વિશે તથા હેના સર્વ કાર્યવ્યવહારની માહિતી મેળવવાને જાસૂસ મોકલ્યા.

દિવસો વીતયે ગયા, અને ઘણા સમય સૂધી એલચી ગેરહાજર રહ્યાથી રાજા ક્રોધ અને અધીરાઈથી આકુળ વ્યાકુળ થવા લાગ્યો. આખરે એક દિવસે રાજા પોતાની પુત્રી પાસે બેઠો હતો, ત્ય્હારે ત્ય્હાંની સ્ત્રીદ્વારપાલ આવીને રાજાને પગે લાગી, અને કહ્યું કે "એલચી પાછા આવ્યા છે, રાજાજીની શી આજ્ઞા છે?" રાજાએ હેને એક ક્ષણ પણ ગુમાવ્યા વગર અંદર આવવાનું કહ્યું, તેથી એલચી જે'વો પ્રવાસથી ધૂળવાળો થયેલો હતો ત્હેવો જ આવીને રાજાની સમક્ષ ઊભો રહ્યો. રાજા ક્રોધથી રાતીચોળ આંખ્યો કરીને બોલ્યો કે "રાજાના સંદેશામાટે કાળાકેશ કાબરચિત્રા થઈ જાય અને કાબરચિત્રા કેશ ધોળા થઈ જાય તેટલો બધો સમય લગાડનાર એલચીને શું કરવું?"

એલચી બે હાથ જોડીને બોલ્યો:—"મહારાજ આપનો કોપ થજો પણ નિર્દોષ ઉપર ના થશો, કારણ વર્ષાઋતુનો પ્રવાસી પોતાની પત્નીના આલિંગન માટે ઘેર આવે છે ત્હેના કરતાં પણ વધારે ઝડપથી હું ગયો છું, અને આવ્યો છું. સર્વ વિલંબ, આપના ભવિષ્યમાં થનાર જમાઈની ઘેલછાથી થયો છે, એ આપનો ભવિષ્યમાં જમાઈ થશે કે નહિં તે તો જે'વી આપની ઇચ્છા. કારણ કે કેટલાક સમય ઉપર હેવું બન્યું હતું કે એ જાતે સૈન્ય લઈને એક ખંડિયા રાજાએ ઊઠાવેલું બંડ શમાવવા ગયો હતો, ત્હેને વશ કરીને પાછો આવ્યો અને પોતાના અંતઃપુરમાં અણધાર્યો ગયો ત્ય્હારે ત્હેમની એકનીએક રાણીને એક પુરુષને સ્ત્રીને વેશે અંતઃપુરમાં આણ્યો હતો ત્હેની સાથે વાતો

કરતી દીઠી. આ જોઈને એ રાજાને જગત્ અને માયા ઉપર તુચ્છકાર આવ્યો, અને ખાસ સ્ત્રીજાતિ ઉપર એટલો તો તુચ્છકાર આવ્યો કે પોતાની રાણીને દેહાન્ત દંડની શિક્ષા તો ન જ કરે પરંતુ ત્હેને દેશ-નિકાલ કરી. અને જેમ સર્પ કાંચળી ઉતારી દે છે તેમ રાજાએ પોતે રાજ્યકારભાર, રાજવૈભવ તજી દીધો, અને રાજધાનીની બ્હારના વનમાંના પવિત્ર સરોવરના તટ ઉપરના મહેશ્વરના એકાન્ત મંદિરમાં રહેવા ગયો છે. ત્ય્હાં એ સર્વ મનુષ્ય જોડેનો બોલવાનો વ્યવહાર તોડી નાંખીને એક તપસ્વીની પેઠે રહે છે. હેના રાજ્યકારભારીઓ પણ, રાજ્યના અગત્યના કાર્ય સારૂં પણ મળી સકતા નથી, અને તેથી જ મ્હારા ત્ય્હાં ગયાની તથા આપના સંદેશાની ખબર આપતાં ઘણો વિલમ્બ થયો. છેવટે રાજાએ પોતાના કારભારીથી મ્હારા ત્ય્હાં ગયાનું જાણીને મ્હને તેડવા માણસ મોકલ્યું. કારભારીઓ મ્હને પ્રાતઃકાલે એ મંદિરે લઈ ગયા. હું મંદિર સ્હામે વાટ્ય જોતો ઊભો હતો, ત્ય્હારે પ્રાતઃકાલના સૂર્યનાં કિરણના સ્પર્શથી એકાએક તળાવમાંનાં કમળ એક પછી એક ખીલતાં જોયાં અને તે જ ક્ષણે યુવાન રાજા પણ મંદિરમાંથી આવીને સરોવરનાં પગથીઆં ઉપર ઊભો રહ્યો. એ એક મ્હોટા માણેક મણિ જેવો દેખાતો હતો, કારણ હેણે રાતાં વસ્ત્ર પ્હેર્યાં હતાં તે સૂર્યનાં કિરણોથી પ્રકાશિત થયાં હતાં, અને હેને અગ્નિની ઝાલર મૂકી હોય ત્હેવાં જણાતાં હતાં. હું હેમને જોઈને ચકિત થયો, કારણ એ રાજાઓના પણ રાજા જેવો દેખાતો હતો. હેણે મ્હને ગંભીર સ્વરે કહ્યું "ત્હમારા રાજાને જઈને કહો કે મ્હારા અને ત્હમારા રાજ્યના હિત ખાતર હું ત્હમારી માગણી સ્વીકારૂં છું, અને ત્હમારી પુત્રીના દાનથી આપણી વચ્ચે શાન્તિ અને મિત્રતા રહેશે, હેને રાણીને યોગ્ય સન્માનથી રાખીશ, પરંતુ મ્હારી પત્ની તરીકે નહિં રાખું, સપ્તપદી ફર્યાં પછી હેણે મ્હારી હયાતી જ ભૂલી જઈને જુદા મેહેલમાં રહેવું."

એલચીએ આટલો સંદેશો કહ્યો કે તરત રાજા ક્રોધાયમાન થઈને બોલ્યો, "હાવો ઉત્તર મોકલાવીને અને હાવા કરાર કરીને મ્હારૂં તથા મ્હારી પુત્રીનું અપમાન કરે છે?"

રાજાને આમ બોલતો સાંભળીને હેની પાસે બેઠલી હેની પુત્રી હસવા મંડી, અને બોલી "પિતાજી! એમ કેમ છે કે ત્હમારા ધોળા

વાળ થયા છતાં, પુરુષો, સ્ત્રીઓ, રાજનીતિ, કે મ્હારો સ્વભાવ પણ ત્હમે સમઝી સક્યા નથી?"

રાજા બોલ્યો "દીકરી આ શા શબ્દો તું ઉચ્ચારે છે? તું માત્ર પંદર વર્ષની છે, ને પુરુષો, રાજનીતિ, સ્ત્રીઓ, કે ત્હારે પોતાને વિશે તું શું સમઝે છે?"

કુંવરીએ ઉત્તર દીધો "આ વિષયમાં સર્વ સારૂં જ થયું છે, અને ત્હમારી ઇચ્છાનુસાર જ થયું છે. છતાં ત્હમે મ્હારા ભાવી પતિના યોગ્ય કરાર નાકબૂલ કરીને ત્હમારા રાજ્યનું સર્વ હિત ખોઈ દેવાને તત્પર થયા છો."

રાજાએ કહ્યું "એ કરાર સારો શી રીતે કેહેવાય? જે ત્હને પત્ની તરીકે રાખવાને કબૂલ નથી તે પુરુષને તું કે'વી રીતે મળી સકીશ? તું કે'વી અર્થ વગરની વાત કરે છે!"

આ સાંભળીને હેની પુત્રી ઉભી થઈ અને એટલા જોરથી તાળીઓ પાડી કે હેનાં કંકણોનો પુષ્કળ ખખડાટ થયો અને પોતાના ન્હાના પગ એટલા જોરથી જમીન ઉપર પછાડ્યા કે ભૂમિ ઉપર અળતાનાં પગલાં પડી રહ્યાં, અને ઝંઝીરાંનો ઝણઝણાટ થઈ રહ્યો, અને કામદેવના ધનુષ્યની પેઠે તિરસ્કારના બાણરૂપી શબ્દો ફેંકવાને હેના મુખના ખૂણા કમાનની પેઠે તૈયાર થઈ રહ્યા, અને તે બોલી, "જો ત્હમે રાજનીતિ સમઝતા હોત તો કાંઇક વિચાર કરીને ક્રોધથી હાવા લાભકારક સંબન્ધને તરછોડત નહિં, જો ત્હમે પુરુષોનો સ્વભાવ સમઝતા હોત તો ત્હમે મ્હારા ભાવી પતિના ઉત્તર ઉપરથી જ સમઝ્યા હોત કે એલચીના કહેવા પ્રમાણે એ પુરુષોમાં હાથી જેવો બળવાન છે, અને ત્હમારે અને મ્હારે યોગ્ય જ છે, અને જો ત્હમે સ્ત્રીઓના ગુણસ્વભાવ સમઝતા હોત તો જાણત કે જે પુરુષે સ્ત્રી-ઓના પ્રેમના અમૃતનો સ્વાદ ચાખ્યો નથી તે પુરુષ આખું જીવન પ્રેમની મધુરતા ચાખ્યા વગર ગાળી સકે છે, પરંતુ જે'ને એક વાર પણ ત્હેનો અનુભવ થયો છે ત્હેને દેવો અને રાક્ષસો અનેક વિઘ્નો નાંખીને રોકશે તોએ એ પુરુષ વારંવાર એ ચાખ્યા વગર રહેશે નહિં. અને જો ત્હમે મ્હારો સ્વભાવ જાણતા હોત તો સમઝ્યા જ હોત કે ગમે તે કરાર કબૂલ કરીને પણ હું હેને જ પતિ તરીકે સ્વીકારીશ,

અને સર્પને વશ કરનાર જાદુગરની પેઠે, મ્હારી કળાથી, મ્હારા સ્વરની કળાથી, અને ચાતુર્યથી હેને એટલો પ્રસન્ન કરીશ કે હું જેમ નચવીશ તેમ તે નાચશે. જે સ્ત્રી પોતાના પતિને પ્રસન્ન ના કરી સકે ત્હેના અવતારને ધિક્કાર છે!"

રાજાએ કહ્યું "દીકરી! ખરેખર તું પંડિતા છે, અને ત્હારૂં સુન્દર માથું કળાથી ભરપૂર છે, ત્હારી આટલી વયમાં ત્હેં એ કળા શી રીતે પ્રાપ્ત કરી તે પ્રભુ જાણે, પરંતુ તું હજી ઘણી જ ન્હાની છે, અને પતિ સંબન્ધે, અને હેને પ્રસન્ન કરવાના વિષયમાં હજી ત્હારે ઘણું શિક્ષણ લેવાનું છે." આ સાંભળીને હેની પુત્રી હશીને બોલી "પિતાજી! સ્ત્રીઓની કળા સ્ત્રીઓમાં જ હોય છે, અને એ કળા વય અને અનુભવથી આવે છે કે ઉલટી જતી રહેછે? કરોળીયાને જાળ ગૂંથતાં, મધમાખીને મધ બનાવતાં, અને કમળને ખીલતાં શીખવવું પડે છે? હાથીને શું ડહાપણ શીખવવું પડે છે? ત્ય્હારે કાંઇ સ્ત્રીઓને સ્ત્રીકળા-રહિત રાખી છે? સાંભળો! ત્હમારા માથા ઉપરથી આ ભાર હું મ્હારે માથે લઈ લઈશ, અને ત્હમારે, મ્હારા ભાવી પતિને અને મ્હારે હેનું પરિણામ સુખકર આણીશ. એલચીને પાછો મોકલો ને કહાવો કે સર્વ કરાર કબૂલ છે, અને બને તેટલી ત્વરાથી મ્હને પણ ત્ય્હાં મોકલી દ્યો, એટલા સમયમાં હું મ્હારી વતીનો એક એલચી ત્ય્હાં મોકલીશ."

રાજા મૂર્ખ હોવાથી અને પુત્રી ઉપરના અગાધ સ્નેહને લીધે વિરુદ્ધ થયો નહિં અને હેનું કહેવું સ્વીકાર્યું. રાજાએ પોતાના ભાવી જમાઈને સંદેશો કહાવ્યો કે "ત્હમે કહાવેલા કરાર મ્હેં સ્વીકાર્યાં છે, અને બીજને દિવસે મ્હારી પુત્રીને હેની દાસીઓ સાથે ત્હમારે ત્ય્હાં મોકલી દઈશ. ત્હમારા સ્વભાવમાં ફેરફાર થાઓ અને ત્હમે ભાગ્યશાળી થાઓ એ જ મ્હારો આશીર્વાદ છે." આ સંદેશો લઈને એલચી જવાની તૈયારી કરતો હતો તેટલામાં રાજાની પુત્રીએ ત્હેને બોલાવીને કહ્યું કે "મ્હારા ભવિષ્યના પતિને કહેજો કે, ત્હમારી દાસી બીજને દિવસે ત્હમારે ત્ય્હાં આવવાનો સમય પોતાની દાસી-દ્વારા કહેવડાવશે, પણ જ્ય્હાં લગી આપ પોતાની ઇચ્છાથી નહિં બોલાવો ત્ય્હાં લગી એ આપની સમક્ષ આવીને આપને દુઃખ દેશે નહિં, અથવા આપની સાથે બોલીને સાંભળવાનો શ્રમ આપશે નહિં! સાવ-

ચેત રહેજો આ સંદેશો કહેવામાં એક શબ્દ પણ ઓછો કે વધતો કહેશો નહિં.”

આ પ્રમાણે સંદેશો લઈને એલચી ગયો, અને એ યુવાન રાજાને હેના સસરાનો અને ભવિષ્યની રાણીનો સંદેશો કહ્યો. રાજાએ જ્‌હારે ભવિષ્યની રાણીનો સંદેશો સાંભળ્યો ત્‌હારે હેણે મનમાં વિચાર્યું કે “હેના શબ્દો મધુર, અને કળાથી ભરપૂર છે અને કાનને મીઠા લાગે છે, પરંતુ એ સ્ત્રી છે, માટે હેની છાયા પણ મ્હારી પાસે નહિં પડવા દઉં.”

આમ નિશ્ચય કરીને વગડામાંના મંદિરમાં જ એક ક્ષણે રાણીના આવવાની વાટ્ય જોતો હતો ને બીજી જ ક્ષણે હેને ટાળવાનો વિચાર કરતો હતો.

થોડા દિવસ પછી અમાસનો દિવસ આવ્યો અને બીજની સાંઝ પડીને ત્‌હેની સાથે જ રાજાની પુત્રી પોતાની દાસીઓ સાથે આવી. હેણે પોતાનો મુકામ નગરની બ્હારના અરણ્યમાંના એકાન્ત મંદિરમાં રાજા રહેતો હતો ત્‌હેવા જ એક મંદિરમાં કર્યો.

બીજના ચંદ્રની કલાવૃદ્ધિ.

આંબામૉર.

શુકલપક્ષને પ્રાતઃકાળે યુવાન રાજા સૂર્યોદય પ્હેલાં ઊઠીને મંદિરની બ્હાર આવ્યો, અને સરોવરનાં પગથીઆં ઉપર જઈને ઊભો રહ્યો. સરોવરમાંનાં કમળો પોતાના સ્વામી સૂર્ય પૂર્વદિશાના પર્વત પછાડીથી ઉદય પામે તે સમયે આવકાર દેવાને તત્પર થઈ રહ્યાં હતાં. યુવાન રાજા વૃક્ષની ઘટા ભણી જોતો હતો એટલામાં હેણે સરોવરના કાંઠા ઉપર ચેટીને ચમકતે ચરણે પોતાની તરફ આવતાં જોઈ. એ બીજની રાત્રિના અવતાર સમાન જણાતી હતી, કારણ હેણે આસમાની રંગનાં વસ્ત્ર પ્હેર્યાં હતાં અને રાત્રિ ચન્દ્રલેખા ધારણ કરે છે તેમ હેણે આંબાનો મૉર હાથમાં લીધો હતો. રાજા હેને જોઈને આશ્ચર્ય પામ્યો, પરંતુ એ સ્ત્રી હતી તેથી હેને ટાળવાને મુખ ફેરવી દીધું, એટલે ચેટી થોડેક છેટે ઊભી રહીને બોલી "મહારાજ, હમારાં રાજકુંવરી આવી પ્હોચ્યાં છે, અને પોતાના વચન પ્રમાણે મ્હારી સાથે સંદેશો કહાવ્યો છે કે સ્ત્રી દૂત મોકલું છું માટે ક્ષમા કરશો, કારણ કોઇ પુરુષ સાથે હું સંદેશા મોકલતી નથી, અને હેમણે પોતાના સ્વામીને આ અપાત્ર જનની દ્વારા પુષ્પ મોકલાવ્યું છે ને કહાવ્યું છે કે જો આપને નિદ્રા મીઠી આવી હશે તો તે પોતાને સુખી માનશે." રાજાએ કહ્યું ચેટી, ત્હમારાં રાજકુંવરીને કહેજો કે હેમણે મોકલેલા પુષ્પનો અને સંદેશાનો મ્હેં સ્વીકાર કર્યો છે, વળી કહેજો કે ત્હમારા જેવાં જે'ને સંસાર સાથે કશો સંબન્ધ નથી હોતો ત્હેને જ નિદ્રા મીઠી આવે છે, પરંતુ રોગી પુરુષને નિદ્રારહિત રાત્રિ ગાળયાનો ઉપાય પ્હરોડ છે. આ સાંભળીને ચેટી બોલી, "રાજાજી, આપ છેતરાયા છો, એ કરતાં ઘણા સારા ઉપાય છે, રોગ અને હેના ઉપાય બંને હું જાણું છું." આ સાંભળીને રાજા આશ્ચર્યથી હેના સ્હામું જોઈ રહ્યો અને કહ્યું "ચેટી, સ્ત્રીઓની જાત્ય, અને દાસીઓની રીત્ય પ્રમાણે જ તું ઘણી ધૃષ્ટ છે." ચેટીએ કહ્યું "રાજાજી, અમારી સ્ત્રીજાતિ વિશે ત્હમે શું ખરેખર જાણો છો? છતાં, તુચ્છ અને અસ્થિર સ્ત્રીજાતિ જેવા નજીવા પણ અનિવાર્ય પ્રાણી માટે

શોક કરીને આ એકાન્ત જૂના મંદિરમાં આવીને રહ્યા છો! પૂર્વે એક આપના જેવો જ યુવાન અને સંસારના અનુભવ વિનાનો રાજા હતો, ત્હેણે આપની પેઠે જ એક સ્ત્રીને પોતાનો પ્રેમ અર્પણ કર્યો હતો, પરંતુ તે સ્ત્રી થોડા સમયમાં મરણ પામી, એટલે એ આપની પેઠે જ રાજ્યકારભાર, વૈભવ અને સંસારનો ત્યાગ કરીને, આપની પેઠે જ એકાન્તમાં હાવા જ વનમાં, અને એક હાવા જ જૂના મંદિરમાં રહીને શોક અને નિરાશામાં સમય ગાળતો હતો. હેને રાજ્યકારભાર ચલાવવાને તથા પોતાની પદવી પ્રમાણે રહેવાને અને નગરમાં આવવાને ઘણાએ સમજાવ્યો, પરંતુ કોઇ પણ સફળ નીવડયું નહિં, ત્ય્હારે મ્હારા જેવી યુવાન અને છુછ્છલી દાસી નહિં પણ એક વૃદ્ધ કરચોલિયો પડેલો ઋષિ, આપે જે'વાં વલ્કલ પ્હેર્યાં છે ત્હેવાં વલ્કલ પ્હેરેલો રાજાના કુળનો ગુરુ આવ્યો. એ રાજાએ પણ આપના જેવાં જ વલ્કલ પ્હેર્યાં હતાં હેની પાસે જઈને ઋષિ એક શબ્દ પણ બોલ્યા વગર ઊભો રહ્યો. થોડો સમય બંને જણા નિઃશબ્દ ઊભા રહ્યા. એટલામાં એકાએક, જે'વું પેલું પીળું પાંદડું ઊડીને સરોવરના શાન્ત પાણીમાં હમણાં પડ્યું, તેમ એક વાંસનું સૂકું પાંદડું ભોંય ઉપર પડ્યું. એ પાંદડું પડતું જોઈને ઋષિયે મ્હોટે સ્વરે રુદન કરવા માંડ્યું, અને ભૂમિ ઉપર આળોટી જઈને પોતાનાં વસ્ત્ર ફાડવા માંડ્યાં, વાળ ફીંદી નાંખ્યા, અને બંને હાથ વડે પોતાના માથામાં ધૂળ નાંખવા માંડી. આ જોઈને પેલા રાજાએ પૂછ્યું "ઋષિ મહારાજ! આમ એકાએક શોક કરવાનું કારણ શું?" ઋષિયે કહ્યું 'મહા વિપત્તિ પડી છે! વૃક્ષ ઉપરથી પાંદડું પડ્યું તે ત્હમે ના જોયું?' રાજાએ આશ્ચર્ય પામીને પૂછ્યું 'ગુરુદેવ, આ શું? ત્હમે કાંઇ મૂર્ખાઈ તો નથી કરતા ને? વૃક્ષ ઉપરથી એક પાંદડું પડ્યા માટે હાવો અસાધારણ શોક કરવો?' વૃદ્ધ ઋષિયે ઉત્તર દીધો 'અરે! રાજા મૂર્ખાઈ તો ત્હારી જ; એક સ્ત્રીના મરણમાટે આટલો બધો શોક કરવો, તે એક પાંદડું પડ્યા માટે અસાધારણ શોક કરવા જેવું જ છે, કારણ એક માનવ સ્ત્રીના મરણ માટે આટલો બધો શોક શેનો કરવો? મનુષ્યદેહ મૃત્યુ પામે છે, તે એક સૂકા પાંદડાના ખરવા જેવું જ છે, અને રાજા! શી ત્હારી મૂર્ખાઈ! અસ્થિર સ્ત્રીજાતિ માટે સર્વ વસ્તુનો ત્યાગ કરવો?

સ્ત્રીઓ વાંસના પાંદડા કરતાં પણ શું વધારે અસ્થિર નથી ? પ્રકૃતિના નિયમ પ્રમાણે વાંસનું સૂકું પાંદડું ખરી પડે તેટલા માટે દુઃખના સમુદ્રમાં ડૂબવું શું યોગ્ય છે ?" આટલું કહીને ચેટીએ આંબાનો મૉર રાજાના ચરણ આગળ મૂકયો, અને પાછી ફરીને ત્વરાથી વન ભણી ગઈ અને વૃક્ષની ઘટામાં ઢંકાઈ ગઈ, પરંતુ રાજા આશ્ચર્ય પામીને ત્હેના ભણી જોતો મૂઢ જેવો ઊભો રહ્યો. અને પાણીમાં હંસ જે'વી સુન્દરતાથી તરે છે ત્હેવી હંસની ગતિથી જતી ચેટીના લાલિત્ય-ને પોતાની ઇચ્છાવિરુદ્ધ જોઈ રહ્યો, પછી નીચા નમીને આંબાનો મૉર હાથમાં લીધો અને બોલ્યો "આંબામૉર, ત્હારી સુગન્ધ ઘણી મધુર છે, ને પોતાની રાજકુંવરી વતી વાદવિવાદ કરનાર ચેટીનો સ્વર પણ મધુર છે, પરંતુ તે સ્ત્રી છે, અને ત્હેણે પોતાની મેળે જ કહ્યું તેમ પેલા પવનથી ઊડતા વાંસના પાંદડા જેવી સર્વ સ્ત્રીઓ છીછરી અને અસ્થિર હોય છે. જે સ્ત્રી પોતાની મેળે જ પોતાની જાતિના અવગુણ માન્ય કરે છે ત્હેને શું હું ગુણવાળી કહી સકું ?" આમ કહીને રાજાએ આંબામૉર સરોવરમાં નાંખી દીધોઃ અને અસ્વસ્થ-ચિત્તે મંદિરમાં જઈને રાત્રિ પડતા સૂધી આખો દિવસ દુઃખમાં કાઢ્યો.

પાટલિ.

રાજાએ આખી રાત્રિ પાંદડાંની શય્યા ઉપર અસ્વસ્થ ચિત્તે ગાળી અને સૂર્યોદય પ્હેલાં ઊઠીને મંદિરની બ્હાર જઈને સરોવરનાં પગથિયાં ઉપર ઊભો રહ્યો, અને પ્રાતઃકાલ થતા પ્હેલાં સરોવરના શાન્ત અને ચાટલા જેવા સ્વચ્છ પાણીમાં ઝાંખા તારાનાં પ્રતિબિમ્બ જોતો હતો, એટલામાં ત્હેણે વૃક્ષની ઘટામાંથી ચમકતે ચરણે ચેટીને પોતાની તરફ આવતી જોઈ. ત્હેના હાથમાં પાટલિપુષ્પ હતું, સૂર્યો-દય પ્હેલાંના ઝાંખા અને ગુલાબી પ્રકાશવાળા આકાશ જેવી ચેટી દેખાતી હતી, એ રાજાનીપાસે આવીને ઊભી રહી અને કહ્યું:— "મહારાજ ! હમારાં રાજકુંવરીએ પોતાના સ્વામીને આ અપાત્ર જનની દ્વારા પુષ્પ મોકલાવ્યું છે, અને કહાવ્યું છે કે જો આપને નિદ્રા મીઠી આવી હશે તો તે પોતાને સુખી માનશે." રાજાએ કહ્યું "ચેટી,

ત્હારા અભિપ્રાય પ્રમાણે પણ સ્ત્રીજાતિ વાંસના સૂકા પાંદડા કરતાં પણ વધારે છુછલી છે, ત્હેવી સ્ત્રીના અન્યાયથી જે'ના મગજને અસ્વસ્થતા રહે છે ત્હેને શી રીતે મીઠી નિદ્રા આવે ?"

આ સાંભળીને ચેટી હશીને બોલી "રાજાજી ! હું ન્હાની છું છતાં ત્હમારા કરતાં વૃદ્ધ છું, સ્ત્રીઓ વિશે ત્હમારો આટલો બધો તુચ્છ અભિપ્રાય છે છતાં એક ન્હાની સ્ત્રીના શબ્દોને આટલું બધું મહત્ત્વ આપીને શા માટે સ્મરણમાં રાખો છો ?" આ સાંભળીને રાજા ગૂંચવાડામાં પડ્યો ને કહ્યું, "છોકરી, તું ન્હાની છે એ ખરૂં, પરંતુ સ્ત્રીજાતિનાં સર્વ છળકપટની કળાથી ભરપૂર છે, અને જો દાસી જ હાવી છે તો હેની રાજકુંવરી કે'વી હશે ?"

ચેટી આ સાંભળીને પ્રસન્ન થઈ, અને કહ્યું "હમારાં રાજકુંવરી સ્ત્રી છે, એટલું જાણ્યાથી ત્હમને સંતોષ નથી ? અને પ્રત્યેક સ્ત્રી વાંસનાં પાંદડાં જેવી છુછલી અને પોલા વાંસ જેવી નિઃસાર નથી ? પરંતુ આપને થયેલા તણખલાના અનુભવ ઉપરથી પુષ્પ વિશે અભિપ્રાય બાંધશો નહિં, કારણ હું અને બીજી સ્ત્રીઓ તણખલા જેવાં છીએ, પરંતુ હમારાં રાજકુંવરી પાટલિપુષ્પ જેવાં સ્તુત્ય છે. મહારાજ ! આપ કેટલા બધા ભોળા છો ? પ્રભુએ સર્વ પુષ્પને પણ એક જાત્યનાં કરીને પ્રત્યેકનામાં જુદી વિલક્ષણતા આપી છે, તો દરેક સ્ત્રીઓને કાંઇ એક જ ગુણસ્વભાવની કરી હશે ? પ્રભુ કાંઇ હેવો વિચિત્ર છે ? ખરેખર આપ ન્યાયાધીશ થવાને અયોગ્ય છો, કારણ કેટલીક સ્ત્રીઓ પાટલિપુષ્પ જેવી સુશોભિત છે, તો કેટલીક કાલ્યના આંબામૉર જેવી સુગન્ધમય છે. સાંભળો, એક સ્ત્રીનો પતિ એક સમયે યાત્રાએ ગયો, તે ઘણા સમય સૂધી પાછો આવ્યો નહિં, વર્ષોનાં વર્ષ વીત્યે ગયાં, છતાં તે આવ્યો નહિં, તે સ્ત્રીને પ્રત્યેક દિવસે અનેક પુરુષોનાં માગાં આવીને તે હેને હેરાન કરતા હતા. જેમ પુષ્પ મધમાખીઓને આકર્ષે છે તેમ હેનું સૌન્દર્ય પુરુષોને આકર્ષતું હતું, અને જેમ જેમ એ પુરુષોને કાઢી મૂકતી હતી તેમ તેમ પુરુષો વધારે આવતા હતા. એક રાત્રિયે હેણે દીવામાં તેલ પૂર્યું અને વાટ્ય મૂકી, એ દીવો લઈને ગંગાનદીની તીરે ગઈ અને મનમાં વિચાર્યું કે 'હું આ દીવો સળગાવીને પાણીમાં તરતો મૂકીશ. આ

દીવાની જ્યોત મ્હારા સ્વામીનો આત્મા છે, તેથી જો દીવો હોલવાઈ જશે અથવા તો ડૂબી જશે તો મ્હારા સ્વામી મૃત્યુ પામ્યા છે એમ જાણીને હું મ્હારા જીવનનો અંત આણીશ પરંતુ જો આ દીવો વગર હોલવાયે તર્યાં કરશે તો મ્હારા સ્વામી ઘેર પાછા આવશે એમ જાણીને હું દુઃખ સહન કરતી પણ વાટ્ય જોઈશ. આ પ્રમાણે વિચાર કર્યો તે સમયે પવન ઘણા જોરથી સુસવાટા કરતો આવતો હતો, અને ગંગાનદીનું પાણી સમુદ્રની છોળોની પેઠે ઊછળતું હતું, છતાં હેણે દીવો સળગાવીને ગંગાનદીના પાણીમાં મૂકયો, કારણ હેની પતિભક્તિ ઘણી પ્રબલ હતી. આ સમયે આકાશ પોતાના તારારૂપી અસંખ્ય ચક્ષુઓવડે એ સ્ત્રી સ્હામું જોતું હતું. એ સ્ત્રીનો ન્હાનો દીવો જોઈને તિરસ્કારથી હશીને બોલ્યું:—'જો પેલી માનવ સ્ત્રીએ ચણગારી સળગાવી છે ને ત્હેને દીવો કહે છે!' મહેશ્વરે આકાશની હાવી ગર્વિષ્ઠ વાણી સાંભળીને પોતાની શક્તિથી સર્વ શાન્ત કર્યું, ગંગાનદીની ઊછળતી છોળો બંધ થઈ, અને શાન્ત પાણી ઉપર ન્હાનો દીવો લગારે ઝબકયા વગર તરવા માંડ્યો. ગંગાના ચાટલા જેવા નિર્મળ પાણીમાં બીજું એક આકાશ અને તારાઓ ઉપરના આકાશનું અનુકરણ કરતું હોય તેમ દેખાયું, તે જોઈ મહેશ્વરે કહ્યું, 'ઓ આકાશ! પેલું નીચેનું આકાશ અને તારા જોયા?' આકાશે હશીને કહ્યું હા, પણ એ આકાશ અને તારા તો માત્ર માયા છે. મહેશ્વરે કહ્યું 'ઓ મૂર્ખ આકાશ! તું અને ત્હારા તારાઓ પણ પેલા નીચેના આકાશની પેઠે જ માયા છે. ઉપર અને નીચેની અનન્તતાની વચમાં પેલો ન્હાનો દીવો તરે છે તે જ સત્ય અસ્તિત્વ છે, કારણ તે સતી સ્ત્રીના પતિવ્રતની સાબીતી કરે છે.' એ દીવો જ્યહાં સૂધી પેલી સ્ત્રીની નજરે પડ્યો ત્ય્હાં સૂધી બળતો જ રહ્યો અને મહેશ્વરની કૃપાથી એ સ્ત્રીનો સ્વામી થોડા સમય પછી ઘેર આવ્યો." આટલું કહીને ચેટી રાજાની સ્હામેં સ્થિરતાથી જોઈ રહી, અને હેના ચરણ આગળ પુષ્પ મૂકીને જતી રહી. એ જતી હતી ત્હેના ભણી રાજા જોઈ રહ્યો અને હેના ગયા પછી પણ વિચારમગ્ન થઈને ત્ય્હાં જ ઊભો રહ્યો. છેવટે નીચા નમીને પાટલિપુષ્પ હાથમાં લીધું અને બોલ્યો "પાટલિ! ત્હારો રંગ કે'વો સુન્દર કયરમજી છે! અને પેલી સ્ત્રીની જીભ ઉપર સરસ્વતી

વશી રહી છે, પણ હેમાં શું? આખરે એ સ્ત્રી જ છે અને દાંત ઉપર વિષ રાખનાર અને જીભ ઉપર મધ રાખનાર સ્ત્રીઓમાંની એક છે." એમ કહીને રાજાએ પુષ્પ સરોવરમાં નાંખી દીધું. અને શોકાતુર હૃદયે મંદિરમાં જઈને રાત્રિ પડતા સૂધી આખો દિવસ દુઃખમાં કાઢ્યો.

માલતી.

રાજાએ આખી રાત્રિ પાંદડાંની શય્યા ઉપર અસ્વસ્થ ચિત્તે ગાળી અને કૂણો સૂનેરી સૂર્ય પૂર્વના પિરોજી આકાશમાં જે'વો ઊગ્યો કે તરત રાજા ઊઠીને મંદિરની બ્હાર આવ્યો અને પગથિયાં ઉપર ઊભો રહ્યો. એટલામાં હેણે ચેટીને ચમકતે ચરણે પોતાની પાસે આવતી જોઈ. હેના હાથમાં માલતીનું પુષ્પ હતું. રાજાએ પોતાની ઇચ્છા ન્હોતી છતાં ચેટીના સ્હામું જોયું અને આનન્દિત થયો; ચેટીનું લાલિત્ય કૂણા વૃક્ષ જેવું હતું. એ રાજાનીપાસે ગઈ અને સ્મિત કરીને બોલી, "રાજાજી, હમારાં રાજકુંવરીએ પોતાના સ્વામીને આ અપાત્રજનની દ્વારા પુષ્પ મોકલ્યું છે, અને કહાવ્યું છે કે, જો આપને નિદ્રા મીઠી આવી હશે તો તે પોતાને સુખી માનશે." રાજાએ જરા સ્મિત કર્યું. પરંતુ તરત જ તેમ કર્યામાટે પોતાના ઉપર મનમાં ક્રોધિત થયો. રાજાએ કહ્યું, "ચેટી, પોતાની ઇચ્છાવિરુદ્ધ સ્ત્રીજાતિ જોડે જે'ને વ્યવહાર રાખવો પડે ત્હેને કે'વી રીત્યે નિદ્રા આવે? કારણ ગમે તો સ્ત્રી સારી હોય કે ખોટી, પરંતુ એ કોઇ પણ પ્રકારે પુરુષના હૃદયની શાન્તિનો ભંગ કરીને પુરુષને આકુળ વ્યાકુળ કર્યાવગર રહેતી નથી." આ સાંભળીને ચેટીએ હાસ્ય કર્યું. હેનાં માર્મિક નેત્રોમાં હાસ્યની છાયા પડી હતી. હેણે કહ્યું:—" ઓ રાજાજી! ત્હમને જ્ઞાન આપી સકે હેવા મનુષ્યના સંબન્ધમાં આવ્યાથી હવે ત્હમારામાં ડહાપણ આવવા માંડ્યું છે. જો કે મ્હારી વય માત્ર પંદર વર્ષની જ છે, પરંતુ હમારી સ્ત્રીજાતિની સ્વાભાવિક ચતુરાઈની મ્હારામાં ખોટ્ય નથી. મ્હને લાગે છે કે હમારી સ્ત્રીજાતિ વિશેનો આપનો અભિપ્રાય અનિશ્ચિત થવા માંડ્યો છે. આજથી સ્ત્રીજાતિમાંની કેટલીક સદ્‌ગુણી હોઈ સકવાનો સંભવ છે એમ ત્હમે કહી સકો હેવું મ્હને લાગે છે. આ ફેરફાર ઓચિન્તો શાથી થયો તે મ્હારાથી સમઝાતું નથી."

ચેટીને હાવું કહેતી સાંભળીને રાજા ક્રોધાયમાન થયો, કારણ પોતે સ્ત્રીજાતિ સાથે વાર્તાવિનોદ ન કરવાનો દૃઢ નિશ્ચય કર્યો હતો છતાં પોતાનું મન વશ રાખી સક્યો નહિં.

રાજાએ કહ્યું, "મ્હારો અભિપ્રાય આજે પણ પ્રથમ જેવો જ છે અને મ્હારૂં મન પણ પ્રથમ જેવું જ સ્થિર છે."

ચેટીએ હેના સ્હામું જોઈને સ્મિત કરીને કહ્યું:—"ના, એમ નથી. બાહ્ય ચિન્હ તો નિઃશંક જુદાં છે, જાણે હું મ્હારૂં પોતાનું નામ જ વાંચતી હોઉં તેટલી ખાતરીથી ત્હમારી મુખમુદ્રા ઉપરનાં ચિન્હ સ્પષ્ટ રીત્યે ઓળખી સકું છું." રાજા આ પાશમાં સપડાયો અને હેણે પૂછયું "ત્હારૂં નામ શું છે?"

ચેટીએ કહ્યું "મ્હારૂં નામ મધુપમંજરી છે."

રાજાએ કહ્યું "ત્હારૂં નામ યોગ્ય જ પાડ્યું છે."

ચેટીએ પૂછયું:—"એ ત્હમે શા ઉપરથી કહો છો? હું કે'વી છું તે ત્હમે કાંઇ જાણો છો? બાહ્ય ચિન્હ ઉપરથી મ્હારી અન્તરવૃત્તિની પરીક્ષા ત્હમે કરો છો? ખડબચડા ફળ ઉપરથી હેની અંદરની મધુરતાનું ત્હમે અનુમાન કરી સકો છો?"

આ સાંભળીને રાજાએ સ્મિત કર્યું અને કહ્યું:—"ચેટી, ત્હેં કહેલાં દૃષ્ટાંત ઉચિત નથી, ખડબચડા અને કદરૂપા ફળનાં બાહ્ય ચિન્હો અને ત્હારામાં શું સરખાપણું છે?"

આ સાંભળીને ચેટીએ તાળી પાડી અને કહ્યું:—"અરે રાજાજી! અગમચેતી અને ડહાપણ શું ત્હમે કદીએ નહિં શીખો? એટલામાં સર્વ ભૂલી ગયા? બાહ્ય સ્વરૂપ ગમે ત્હેવું મધુર હોય, છતાં હેની અંદરનો રસ કડવો પણ હોય છે એ આપે અનુભવ ઉપરથી નથી જાણ્યું? મ્હારા બાહ્ય સ્વરૂપ ઉપરથી મ્હારા ગુણ અવગુણનું અનુમાન આપ ભાગ્યે જ કરી સકશો. છતાં હમારાં રાજકુંવરી હેમની સર્વ દાસીઓ કરતાં મ્હારા ઉપર વિશેષ પ્રેમ રાખે છે તે મ્હારા બાહ્ય સ્વરૂપને લીધે નહિં પરંતુ મ્હારી અંતર્વૃત્તિયોને લીધે જ, કારણ એક ચતુર ગુરુકનેથી મ્હેં વિદ્યા પ્રાપ્ત કરી છે. એ વિદ્યા હેવી છે કે, એ પ્રાપ્ત કરવાને ત્હમે અમૂલ્ય ધન આપવાને તત્પર થશો. હું આપને હેવી વાર્તાઓ કહીશ કે, આપ ગમે ત્હેવા દુઃખમાં હશો તો પણ

હાસ્ય કર્યાં વગર રહી સકશો નહિં. જ્યહાં વૃક્ષોને નિરંતર પુષ્પ આવે છે, ઉન્મત્ત મધમાખીઓ ગુંજારવ કરતી હોય છે, દિવસે સૂર્યનાં સખત કિરણો પ્રવેશ કરી સકતાં નથી, રાત્રિયે કપૂરથી સુગન્ધમય થયેલાં ચન્દ્રકિરણો પડ્યાથી ચન્દ્રમણિમાંથી અમી ઝરે છે, પીરોજી સરોવર શ્વેત રૂપેરી હંસની હાર્યથી ભરપૂર છે, નીલમણિનાં પગથિયાં ઉપર મયૂરો ગર્જના સાંભળીને ઉશ્કેરાઈને કળા કરીને નૃત્ય કરે છે, રાત્રિને સમયે યુવતીઓ પોતાના પ્રેમી પુરુષોને મળવાને ગુપ્ત રીતે જાય છે, હેમને અંધકારમાં માર્ગ દર્શાવવાને વીજળીના ચમકારા થાય છે, અને શ્યામ વાદળાં ઉપર લસણિયા મણિના જેવું ઇન્દ્રધનુષ્ય નિરંતર ઝળકી રહે છે, સ્ફટિકમણિની અગાશીઓ ઉપર પ્રેમી યુગલો એક બીજાની પ્રેમપૂર્ણ મુખમુદ્રાનું પ્રતિબિમ્બ રાતા દ્રાક્ષારસના પ્યાલામાં જોઈને હાસ્ય કરે છે, દક્ષિણમાંથી ચંદનના વનમાંથી સુગન્ધમય થઈને આવતા પવનનો એ યુગલો શ્વાસ લે છે, સમુદ્ર વ્હલોવીને કાઢેલાં રત્ન એક બીજા ઉપર ફેંકીને રમે છે, નદીઓના કિનારાની રેતી સુવર્ણરજની બનેલી છે, રૂપેરી માછલીઓ પકડવાને કિનારા ઉપર બેઠેલાં શાન્ત બગલાંની હાર્યપાસે થઇને નદી ધીમી ધીમી વ્હેછે, પુરુષો સત્ય જ બોલેછે, યુવતીઓનો પ્રેમ અચળ હોય છે, અને કમળ કદી પણ સૂકાતાં નથી, હેવી આપે સ્વપ્નામાં કદી પણ ન જોયેલી ભૂમિમાં હું આપને લઈ જઈશ."

આ સાંભળીને રાજાની આંખ્યોમાં અશ્રુ આવ્યાં અને કહ્યું—"આહ! ચેટી! જ્યહાં પ્રેમ કદી પણ નીરસ થતો નથી, હેવી ભૂમિમાં જો ત્હારાથી બની સકે તો મ્હને લઈ જા." પરંતુ ચેટીએ રાજા ભણી દયાદૃષ્ટિથી જોયું અને હેના ચરણ ઉપર માલતીનું પુષ્પ મૂકીને વનમાં જતી રહી; એ અદૃશ્ય થઈ ત્યહાં સૂધી રાજા હેના ભણી જોઈ રહ્યો, અને પછી નીચા નમીને માલતીનું પુષ્પ લીધું અને કહ્યું—"માલતી, ત્હારા સુગન્ધની સરખામણી થાય તેમ નથી છતાં આ ન્હાની ચેટીના સ્વરમાં જેટલું માધુર્ય છે તેટલું ત્હારામાં નથી; પણ હાય! એ સ્ત્રી છે, સ્ત્રીજાતિનું નામ જ જવા દ્યો ને. હું ધારતો હતો કે સ્ત્રીજાતિની સર્વ આકર્ષણશક્તિની અસર મ્હેં મ્હારા હૃદયમાંથી જડમૂળથી ઉખેડી નાંખી છે, ત્યહારે વળી આ સુન્દર ચેટી આવીને

મધથી પણ મધુર શબ્દો, ચતુરાઈવાળા હોઠદ્વારા બોલીને મ્હારા નિશ્ચયનો નાશ કરે છે." આમ કહીને રાજાએ ઘડીકમાં પુષ્પ ભણી અને ઘડીકમાં સરોવર ભણી જોયું અને ફરી બોલ્યો "માલતી! તું જ્યહાં સૂધી કરમાયું નથી ત્યહાં સૂધી હું ત્હને નહિં નાંખી દઉં, વગર કરમાયે નાંખી દેવું એ અધમ કૃત્ય છે." એમ કહીને હાથમાં પુષ્પ રાખીને રાજા ભૂતકાળના દુઃખનું અને ચેટીનું સ્મરણ કરતો મંદિરમાં ગયો.

પુષ્પરહિત પ્રભાત.

રાજાએ આખી રાત્રિ પાંદડાંની શય્યા ઉપર અસ્વસ્થ ચિત્તે ગાળી, અને પ્રાતઃકાળે ઊઠી સરોવરનાં પગથિયાં ઉપર, દિવસના રાજાને આવકારનાં ગાન ગાવાને જાગૃત થતાં પક્ષીઓનો સ્વર સાંભળતો ઊભો રહ્યો, અને સરોવરના કાંઠા ઉપરનાં વૃક્ષો ભણી જોવા માંડ્યો, પરંતુ હેણે ચેટીને આવતી દીઠી નહિં. અને રાજા એકલો જ સરોવર, હેમાંનાં કમળો, તથા વૃક્ષો નિહાળતો ઊભો રહ્યો.

થોડીવાર પછી રાજા મનમાં બોલ્યો કે "નક્કી ચેટી ઊંઘી ગઈ હશે, અથવા મોડી ઊઠી હશે, અથવા તો હેની રાજકુંવરીને હેનો ખપ પડ્યો હશે, અથવા હેને કાંઇં પુષ્પ નહિં મળ્યું હોય."

સૂર્ય ઘણો ઊંચો ચઢ્યો છતાં ચેટી આવી નહિં. છેવટે રાજાએ મનમાં કહ્યું—"ચેટી આવે કે ન આવે ત્હેમાં મ્હારે શું? આ વૃક્ષો, સરોવર વગેરે ચેટીના વનમાં આવ્યા પ્હેલાં હતાં ત્હેવાંને ત્હેવાં નથી શું? અને પ્હેલાંની પેઠે હેમને જ મ્હારાં મિત્ર ગણીને શું મ્હારાથી દિવસો ના ગાળી સકાય?" એમ વિચારીને રાજાએ સરોવરને કાંઠે આંટા મારવા માંડ્યા, અને રાજા ઘડીઘડી જે તરફથી ચેટી રોજ આવતી હતી તે તરફ જોયા કરતો હતો, પરંતુ ચેટી આવતી દેખાઈ નહિં. છેવટે હેણે મનમાં કહ્યું કે:—"અહિંયાંનાં વૃક્ષો, કમળથી ભરપૂર સરોવર, મંદિર, અને પ્રભાત સર્વ પ્હેલાંના જેવું જ છે છતાં આજે સ્હવારે વનની સુન્દરતામાં કશાકની ખોટ્ય પડે છે, અને વિચિત્ર લાગે છે, હેનું કારણ શું હશે? માત્ર ચેટી અને હેનું પુષ્પ એટલું જ નથી, માત્ર હેના ન આવ્યાથી વનમાં આટલો બધો ફેર પડે એ

સંભવિત છે ખરૂં ?” વળી થોડીવાર મૌન રાખ્યા પછી બોલ્યો:— “અહા ! કાલ્યના પુષ્પની સુગન્ધ કેટલી મધુર હતી ! અને ચેટી ? ના, એ સ્ત્રી નથી પરંતુ બાલિકા છે; ના, બાલિકા પણ નથી, એ ઉષા અને સન્ધ્યાની પેઠે બે સ્થિતિની વચ્ચે છે, અને બંનેના સૌન્દર્ય અને ગુણવાળી ત્રીજી જ મૂર્તિ છે, કારણ એ થોડે અંશે બાલિકા અને થોડે અંશે યુવતી છે અને પોતાના હાથમાં પુષ્પ લાવે છે ત્હેના જેવી પ્રાતઃકાલે ખીલતી કળીને મળતી આવે છે, અને એ પુષ્પના જેવી જ સુગન્ધમય છે, છતાં એ પુષ્પ કરતાં ચઢીઆતી છે, કારણ પુષ્પ વાચાહીન હોય છે અને હેના વૃક્ષનાં મૂળ ભૂમિમાં દટાયલાં હોય છે; પરંતુ ચેટી મધુરકંઠી અને ગતિમતી છે. એ જ્યહારે સ્હવારમાં મ્હારી પાસે આવે છે ત્યહારે, જેમ પર્વત ઉપરનું ધુમ્મસ પર્વતની સુન્દરતા ઢાંકવાનો વ્યર્થ યત્ન કરે છે તેમ ચેટીના ઘેરા ભૂરારંગના લુગડાથી ઢંકાયલા ચપળ ચરણોની સુન્દરતા ઢાંકવાનો યત્ન કરતે હેના ચરણોના સૌન્દર્યમાં વધારો થાય છે, અને એ સૌન્દર્યનું ચિત્ર મ્હારા હૃદયમાં નિરંતર રમી રહ્યું છે, અને એ છાપ ખશી સકતી નથી. જેમ કોઇ મનુષ્ય વર્ષાઋતુમાં પર્વતોમાં ફર્યો હોય અને હેના કાનમાં પાણીના ખળખળાટનો સ્વર ભરાઈ રહે છે તેમ ચેટીના મધુર સ્વરનો ગુંજારવ મ્હારા કાનમાં ભરાઈ રહીને વનની શાન્તિમાં મિશ્ર થઈ જાય છે. અહા ! હેના સ્વરના ગાનમાં શી અદ્‌ભુત શક્તિ સમાયલી છે ! હેનો સ્વર ધીમો અને મધથી પણ મીઠો છે, હેની મધુર વાણી સાંભળનારનું લક્ષ હેના કહેલા શબ્દના અર્થ ઉપરથી ઊડાડી લઈને, સાંભળનારના હૃદયને જાળમાં સપડાવી બન્દીવાન કરે છે, અને જેમ કૂણા વાંસના ભોથામાં થઈને પવન વહી ગયા પછી હેમાં પડતા પડઘાનો સ્વર, જાણે વાંસ નિઃશ્વાસ નાંખતા હોય ત્હેવો સંભળાય છે, તેમ હેનો મધુર સ્વર હજી પણ મ્હારા કાનમાં સંભળાય છે. એ સ્વર હજી સૂધી જતો રહ્યો નથી. અરેરે ! હેના આવવાની કાલ્ય સ્હવારસૂધી વાટ્ય જોવી પડશે, અને કોણ જાણે આજની પેઠ કાલ્યે પણ કાંઇ વિઘ્ન આવ્યાથી ન એ આવે !” આ પ્રમાણે વિચાર કરવામાં આખો દિવસ કાઢ્યો, અને બીજા દિવસની આશામાં ને આશામાં સરોવર ઉપર સન્ધ્યાકાળ થતા સૂધી રહ્યો.

ચંપક.

રાજાએ આખી રાત્રિ પાંદડાંની શય્યા ઉપર અસ્વસ્થ ચિત્તે ગાળી, અને સૂર્યોદય પ્હેલાં ઘણો વ્હેલો ઊઠીને મંદિરની બ્હાર જઈને પગથિયાં ઉપર જઈને ઊભો રહ્યો; હેણે ઊંચુ જોયું તો પૂર્વદિશાના પર્વત પછવાડે ઢંકાયલા શુક્રના તારાનાં આછાં ગુલાબી કિરણોથી પ્રકાશિત થયેલી હંસની હાર્ય ઊંચે આકાશમાં ઉત્તર દિશા તરફ ઊડતી જોઈ. આખરે સૂર્યોદય થયો અને તે જ ક્ષણે રાજાએ ચેટીને પોતાની તરફ ઝડપથી આવતી જોઈ. ચેટી પ્રાતઃકાલના ઝાકળ જેવી અને રાજાના હૃદયમાંનો ભસ્મ થઈ ગયેલો પ્રેમ પુનર્જન્મ પામતો હતો ત્હેણે સ્ત્રીરૂપ ધારણ કર્યું હોય ત્હેવી દેખાતી હતી. હેના હાથમાં ચંપકનું પુષ્પ હતું. વાતાવરણ સુગન્ધમય કરતી એ રાજાની પાસે આવી અને કહ્યું:–"ઓ રાજાજી! હમારાં રાજકુંવરીએ પોતાના સ્વામીને આ અપાત્ર જનની દ્વારા પુષ્પ મોકલાવ્યું છે અને કહાવ્યું છે કે જો આપને નિદ્રા મીઠી આવી હશે તો તે પોતાને સુખી માનશે."

રાજાએ ઉત્તર દીધો—"પ્રિય ચેટી, જે'નો મિત્રો ત્યાગ કરે ત્હેને શી રીતે નિદ્રા આવે?"

ચેટીએ કહ્યું:–"રાજાજી! જે મનુષ્યના મિત્રો ત્યાગ કરે છે ત્હેમાં વાંક મિત્રોનો નહિં પરંતુ એ મનુષ્યનો જ છે. કારણ હેનામાં સત્ય અને અસત્યનો ભેદ પારખવાની શક્તિ ન હોવાથી તેમ થાય છે."

આ સાંભળીને રાજાએ નિઃશ્વાસ નાંખ્યો, અને કહ્યું "અરેરે! તું કેટલી નિર્દયતાથી બોલે છે! આ માયાના સંસારમાં સારા અને માઠાનો ભેદ સમઝનારા ઘણા થોડાક જ હશે, કારણ અધમતા અનેક સ્વરૂપ ધારણ કરે છે, અને ત્હારા જેવા સ્વરૂપમાં પણ દર્શન દઈ સકે છે."

ચેટીએ સ્મિત કરીને કહ્યું: "રાજાજી! મ્હારે વિશે આટલા બધા નિઃસંશય રહેશો નહિં."

રાજાએ કહ્યું:–"પ્રેમ અદૃશ્ય થયાથી જીવન વ્યર્થ બને છે, માત્ર એ શિવાય બીજું કશુંએ હું ખાતરીપૂર્વક કહી સકતો નથી."

ચેટીએ કહ્યુંઃ–"જે વસ્તુની હયાતી જ નથી તે વસ્તુ ક્યહાંથી અદશ્ય થવાની હતી ! ત્હમારા હૃદયમાંથી પ્રેમ અદશ્ય થયો જ નથી. કારણ ખરો પ્રેમ શું તે ત્હમે જાણ્યું જ નથી."

આ સાંભળીને રાજા આશ્ચર્ય પામીને બોલ્યોઃ–"ત્ય્હારે તું તો હજી બાલક છે ને પ્રેમ વિશે શું જાણે છે?"

ચેટી રાજાની સ્હામું ક્ષણભર જોઈ રહી અને બોલીઃ–"રાજાજી ! એ વિષયનો આધાર તારુણ્ય કે વય ઉપર નથી પરંતુ પૂર્વ સંસ્કારની પરંપરા અને સ્મરણશક્તિ ઉપર આધાર છે. કેમકે પુરુષો ઘણે ભાગે માત્ર અનુભવથી, જ્ય્હારે હેમના કેશ ધોળા થાય છે ત્ય્હારે, જ્ઞાન પામે છે, પરંતુ કેટલાકની સ્મરણશક્તિ ઘણી તીવ્ર હોવાથી હેમનો અને જ્ઞાનનો કદી વિયોગ થતો નથી, તેથી એ જ્ઞાન હેમની સાથે જ એક જન્મથી બીજે જન્મ આવે છે, અને પાછલા જન્મોના અનુભવોથી તરુણાવસ્થામાં જ જ્ઞાની હોય છે, ત્હેવાં મનુષ્યોમાંની હું એક છું. ત્હમારા કહેવાપ્રમાણે જો કે હું હજી બાળક છું, પરંતુ હાવા વિષયમાં બાલક રાજા કરતાં પણ વધારે જ્ઞાનવાન હોવાનો સંભવ છે, અને તેથી જ ત્હમારા કરતાં હું જ્ઞાનવાન છું એમ હોય. કારણ મ્હારા ગયા જન્મમાં મ્હેં કામદેવનું પૂજન કર્યું હતું, અને હેમની કૃપાથી કેટલીક ગુપ્ત વાતો જાણી લીધી હતી; ત્હેનું સ્મરણ મ્હને આ જન્મમાં પણ છે. હવે હું ત્હમને કેટલીક વાર્તા જે ત્હમારાથી અજાણી છે તે કહું છું તે સાંભળો. ત્રણ ગુણની ત્રિપુટીના દૃઢ બંધનનો પ્રેમ બનેલો છે, એ ત્રણે ગુણ દૃઢ બંધનમાં આવે છે ત્ય્હારે જ હેને કોઇ તોડી સકતું નથી, અથવા હેનો અંત આણી સકતું નથી. મૃત્યુ પણ હેનો અંત આણી સકતું નથી. પરંતુ જો એ ત્રણ ગુણમાંનો કોઇ પણ છૂટો છૂટો લઇયે તો જીવનનાં સંકટોથી એ તૂટી જાય છે. આપના સંબન્ધમાં પણ હેવું જ બન્યું છે. આપના દાખલામાં એ ત્રણ ગુણ એકત્ર થયા ન્હોતા, તેથી ત્હમારા પ્રેમમાં એકતાનતા હતી, પરંતુ પૂર્ણ સંવાદ ન્હોતો.

રાજાએ પૂછ્યુંઃ–"ત્ય્હારે એ ત્રણ ગુણ કિયા કિયા છે?"

ચેટીએ કહ્યુંઃ–"સંપૂર્ણ અને શુદ્ધ પ્રેમ પ્રાપ્ત કરવાને ત્રણ પ્રકારના પ્રેમ એકત્ર થવા જોઇયે, શારીરિક, માનસિક અને આત્મિક. આ

પ્રકારના પ્રેમ માત્ર પુરુષ અને સ્ત્રી વચ્ચે જ હોઈ સકે છે. કારણ પુરુષ સ્ત્રીના સૌન્દર્યથી અને સ્ત્રી પુરુષના કેટલાક ગુણથી સ્વાભાવિક રીત્યે આકર્ષાય છે, અને પોતાના ગુણ કે સૌન્દર્યનું ભાન હોતું નથી. જો માનવીમાં જાતિભેદ ન હોત તો શારીરિક આકર્ષણ હોઈ સકત નહિં, અને તેથી એક ગુણુની ખોટ્ય આવત. જે સ્ત્રીને પોતાના પ્રિય પુરુષનો પ્રેમ અચળ રાખવાની ઇચ્છા હોય, ત્હેનું પોતાનું શરીર-સૌન્દર્ય ખામી વગરનું હોવું જોઇયે. નહિં તો તે પુરુષના વિચાર અન્ય સ્ત્રી પ્રત્યે દોરાશે. કારણ પુરુષ સ્વભાવથી જ પોતાને ઉચિત વસ્તુની શોધમાં હોય છે. બીજો ગુણ બુદ્ધિ છે. તે ન હોય તો પુરુષનો સંમાનભાવ ઊઠી જઈને અન્ય સ્થળે વસશે. ત્રીજો ગુણ સદાચાર છે; જો સ્ત્રીઓ સદાચારી ન હોય તો પુરુષોનાં હૃદયને ઘણું કષ્ટ થાય છે, અને આ ત્રીજા ગુણ વગર પ્હેલા બંને ગુણો ક્ષણભર અસર કરશે પણ અંતે તો વ્યર્થ છે. આ ગુણુની ખામી હોય તો પુરુષનો અંતરાત્મા સ્ત્રીનો ત્યાગ કરશે, અને જે ગુણ વિના ચાલતું નથી ત્હેની શોધમાં જશે. આ ગુણો સ્ત્રીઓ તથા પુરુષો બંનેમાં હોવા જોઇયે, માત્ર ફેર એટલો જ હોય છે કે પુરુષ અને સ્ત્રીનાં શરીર, બુદ્ધિ અને આત્મા તદ્દન એક બીજાથી જુદાં હોય છે, કારણ સ્ત્રીમાં જે કેટલાક સદ્દગુણ ગણાય છે તે જ ગુણ જો પુરુષમાં હોય તો નિર્બળતા ગણાય છે, અને પુરુષમાં ગણાતી નિર્બળતા સ્ત્રીઓનું બળ અને શોભા ગણાય છે.

ત્હમે ત્હમારા પ્રેમનું પાત્ર મૂર્ખાઇથી યોગ્ય શોધી કાઢી સક્યા ન્હોતા. અલબત્ત, ત્હમારી સ્ત્રી સ્વરૂપવાન હતી, પરંતુ માત્ર એટલું જ. હેણે ત્હમારી પ્રત્યે કરેલો વિશ્વાસઘાત ત્હમારી સમક્ષ જ ઉઘાડો થયો તે જ સારૂં થયું, જો કે તે સમયે ત્હમને ત્હેનો ઘા તલવારના ઘા કરતાં પણ સખત લાગ્યો હશે પરંતુ કાળે કરીને તે ઘા રૂઝાશે. જો ત્હમને મોડી ખબર પડી હોત તો આથી પણ વધારે દુઃખ સહન કરવું પડત. હવે ત્હમને ત્હમારી ભૂલ્યની શિક્ષા થઈ ચૂકી છે, અને જરા ડહાપણ આવ્યું છે; હવે ત્હમે સ્વતન્ત્ર થયા છો, તેથી ભૂતકાળ-નો શોક કરવાને બદલે આનન્દમાં રહેવું જોઇયે, કારણ ભવિષ્યમાં ત્હમારા ભાગ્યમાં શું લખ્યું છે તે ત્હમે શું જાણો? જે પુરુષ પુરુષાર્થ શું છે તે જાણતો જ નથી તે પુરુષાર્થ મેળવવાની શી રીત્યે ઇચ્છા

રાખે! મ્હારી સંપૂર્ણ ખાતરી છે કે હમારાં રાજકુંવરીમાં પ્રેમના ત્રિગુણની ત્રિપુટી છે, અને રાજકુંવરી આપને યોગ્ય જ છે.”

ચેટી આ પ્રમાણે બોલતી હતી તે સમયે રાજા મૂઢ જેવો જોઈ રહ્યો હતો, પરંતુ એ બોલી રહી કે રાજાએ ચમકીને કહ્યું:—

“ચેટી બસ કર્ય, ત્હમારી રાજકુંવરીની વાત કરશો નહિં. એ તો માત્ર રાજનીતિ પ્રમાણે, અને રાજ્યપ્રપંચને લીધે મ્હારા સંબન્ધમાં આવનાર છે; મ્હને માત્ર ત્હારી પોતાની જ વાત કહે, કારણ ત્હારા પ્રિય પુરુષને ન તૂટે હેવા દઢ બંધનમાં રાખવાના અને ત્હારા ઉપરનો પ્રેમ અમર રાખે હેવા ગુણ ત્હારામાં છે.”

આ સાંભળીને ચેટીએ પોતાના હોઠ ઉપર આંગળી મૂકી, અને પોતાનું સુન્દર માથું હલાવીને કહ્યું કે:—“ચૂપ, ચૂપ, મ્હારી સાથે આ પ્રમાણે બોલશો નહિં, નહિં તો હું ફરી અહિંયાં આવીશ જ નહિં.”

આમ કહીને રાજા સ્હામું થોડીવાર સ્મિત કરીને ચેટી જોઈ રહી અને હેના ચરણ ઉપર પુષ્પ મૂકીને જતી રહી, પરંતુ થોડેક દૂર જઈને પાછાં ફરીને રાજા સ્હામું જોયું. અને વૃક્ષોની ઘટામાં અદશ્ય થઈ ગઈ.

રાજાએ નીચા નમીને પુષ્પ હાથમાં લીધું અને પુષ્પને ચુમ્બન કર્યું. હેણે નિઃશ્વાસ નાંખીને કહ્યું:—“પ્રેમની મધુરતા જેવો ત્હારો સુગન્ધ મધુર છે અને આ યુવતીના શબ્દો પણ ત્હેવા જ મધુર છે. જગકર્તાની ઇચ્છાથી આ યુવતી સર્વ પ્રકારના માધુર્યથી ભરપૂર છે, જો કે એ શારીરિક આકારમાં ત્હારા કરતાં તદ્દન જુદી જ છે, પરંતુ હેની મધુરતા ત્હારા જેવી જ છે.”

આ પ્રમાણે બોલીને પુષ્પ હાથમાં જ રાખીને રાજા મંદિરમાં ગયો; અને મધુપમંજરીના વિચારમાં મગ્ન થયો, જેમ કુશળ ચિત્રકાર ખામીવાળું ચિત્ર ભૂંશી નાંખીને બીજું ચિત્ર ચીતરે છે, તેમ રાજા ભૂતકાળના શોકમય વિચારો પોતાના હૃદયમાંથી કાઢી નાંખીને ચેટીના સૌન્દર્યના વિચારમાં લીન થયો.

કમલ.

રાજાએ આખી રાત્રિ પાંદડાંની શય્યા ઉપર ભર નિદ્રામાં ગાળી અને સ્હવારે સૂર્યોદય થયો ત્ય્હારે જાગૃત થયો. રાજા મંદિરની બ્હાર ગયો ત્ય્હારે સરોવરના તટ ઉપર હાથમાં રાતું કમલ લઈને ચેટીને વાટય જોતી ઊભી રહેલી જોઈ; પોતાના હૃદયમાં પ્રસરેલી શાન્તિયે સ્ત્રીરૂપ ધારણ કર્યું હોય તેવી રાજાને ચેટી લાગી.

રાજા ચેટીની પાસે ગયો એટલે ચેટીએ સ્મિત કરીને કહ્યું:—"હમારાં રાજકુંવરીએ આ અપાત્ર જનની દ્વારા પુષ્પ મોકલાવ્યું છે અને કહાવ્યું છે કે જો આપને નિદ્રા મીઠી આવી હશે તો તે પોતાને સુખી માનશે."

રાજાએ કહ્યું:—"પ્રિય ચેટી! જે શાન્તિ પામે છે ત્હેને નિદ્રા મીઠી આવે છે, અને ઘણા સમયથી ન્હોતી ગાળી ત્હેવી રાત્રિ ત્હારી કૃપાથી મીઠી નિદ્રામાં મ્હેં ગાળી છે."

ચેટીએ પૂછયું:—"એ નવીન શાન્તિ કય્હાંથી આવી?"

રાજાએ હશીને કહ્યું:—"એક કુશળ વૈદ્યે કાલ્યે રાત્રે મ્હને નિદ્રાનું ઔષધ આપ્યું હતું."

ચેટીએ કહ્યું:—"હેવા કુશળ વૈદ્ય ઘણા થોડાક જ હોય છે તેથી જે'ને ત્ય્હાં હેવા કુશળ વૈદ્ય હોય ત્હેનાં ધન્ય ભાગ્ય!"

રાજાએ કહ્યું:—"મ્હને નિદ્રા આણનાર ઔષધ, ત્હારા મધુર સ્વરનું અને ત્હારી સુન્દરતાનું બનેલું છે. પ્રથમ હું મ્હારો રોગ ભયંકર ધારતો હતો. પરંતુ હવે એ રોગમાંથી મુક્ત થવાની આશા પડેછે."

આ સાંભળીને મધુપમંજરી હશી અને બોલી:—"રાજાજી! સંભાળજો! માત્ર એક બે દિવસ ઉપર જ ત્હમે સર્વ સ્ત્રીઓ ઉપર અસ્થિરતાનો આરોપ મૂક્યો હતો અને હવે ત્હમે પોતે જ એ આરોપને યોગ્ય નથી?"

રાજાએ કહ્યું:—"ઓ નિર્દય ચેટી! તું જાણે છે કે ત્હારૂં કહેવું સત્ય નથી છતાં માત્ર મ્હને કષ્ટ દેવાને આમ બોલે છે."

ચેટીએ કહ્યું:—"ઘણા સમય ઉપર બીજા યુગમાં એક દેશમાં એક માછી માછલાં પકડીને પોતાનું જીવન ગાળતો હતો, ત્હેને ઘણે અંશે મળતા આપ મ્હને લાગો છો. સાંભળો,

એક દિવસે એ માછીએ પોતાની જાળ સમુદ્રમાં નાંખી; હેમાં એક સુન્દર સુવર્ણની માછલી પકડાઈ આવી. આ જોઈને એ ઘણો હર્ષિત થયો ને જે'વો તે માછલીને પકડવા જતો હતો તેટલામાં એ માછલી પાછી સમુદ્રમાં કૂદી પડી; આથી નિરાશ થઈને માછીએ અશ્રુપાત કર્યો, અને સમુદ્રકાંઠો તજીને ગયો, અને પોતાના દેહનો પણ ત્યાગ કરવાને તત્પર થયો. અને બોલ્યો:—'હાય ! હાય ! પેલી સૂનાની માછલીના ઉપર મ્હારા પ્રાણનો આધાર હતો, એ માછલી ગઈ તેથી મ્હારૂં જીવન પણ પૂરૂં થયું.' આમ કહ્યા છતાં થોડી વાર પછી પાછો સમુદ્રકાંઠે ગયો અને સમુદ્રમાં જાળ નાંખી, હેમાં એક ચાંદીની માછલી પકડાઈ આવી; આ જોઈને સુવર્ણની માછલીની વાત જ ભૂલી ગયો અને પૂર્ણ ઉત્સાહથી એ માછલી હાથમાં પકડવા જતો હતો તેટલામાં એ પણ સમુદ્રમાં કૂદી ગઈ. પાછો એ માછી નિરાશાથી સમુદ્રકાંઠો છોડીને ગયો અને ગુમાવેલી માછલી માટે રુદન કરવા મંડ્યો. થોડીવાર પછી એ માછીએ પાછા સમુદ્રકાંઠે આવીને જાળ નાંખી; આ સમયે સમુદ્રની સર્વ માછલીઓ જેવી સાધારણ માછલી જાળમાં આવી, તે લઈને પૂર્ણ આનન્દથી ઘેર ગયો, અને સુવર્ણની અને ચાંદીની માછલીઓની વાત જ ન બની હોય એમ વર્ત્યો."

રાજાએ કહ્યું:—"પ્રિય ચેટી ! એ દુષ્ટ માછી જોડે મ્હારી સરખામણી કરવાની ત્હારી ધૃષ્ટતા માટે હું ત્હારા પ્રત્યે ક્રોધિત થાત, પરંતુ મ્હારાથી ત્હારા ઉપર ક્રોધિત થઈ સકાતું જ નથી."

ચેટીએ કહ્યું:—"રાજાજી ! મ્હેં કરેલી સરખામણી ખરી ના પડે એટલું જ સંભાળ જો."

રાજાએ કહ્યું:—"લગભગ તદ્દન હોલવાઈ ગયેલો અગ્નિ અનેક પ્રકારનાં સાધારણ લાકડાં ઉમેર્યાથી ફરી સળગવાની આશા ન હોય, પરંતુ મલયપર્વત ઉપર ઊગેછે તે ચંદન કાષ્ઠ પણ જે'ની આગળ નિર્માલ્ય લાગે ત્હેવાં સ્વર્ગીય ચંદનકાષ્ઠ ઉમેર્યાથી એ પવિત્ર અગ્નિ

રાખમાંથી ઉત્પન્ન થઈને અપૂર્વ બળથી બળે છે હેની સાથે મ્હારી સરખામણી કર્યું."

ચેટીએ કહ્યું:—"રાજાજી! હવે મ્હારે જવાનો સમય થયો છે." એમ કહીને ચેટીએ કમળનું પુષ્પ રાજાના ચરણ ઉપર મૂક્યું ને જતી રહી. પરંતુ વૃક્ષોની ઘટામાં અદશ્ય થતા પ્હેલાં એકવાર પાછી ફરીને રાજા સ્હામું જોયું.

રાજાએ કમલનું પુષ્પ ઉપાડ્યું અને કહ્યું:—"કમલ! હુ અગ્નિ અને ચેટી ચંદનકાષ્ઠ એ મ્હેં યોગ્ય જ સરખામણી કરી કે નહિં? કે ચેટી અગ્નિ અને હુ ચંદન? ખરેખર, એ મ્હને અગ્નિની પેઠે જ બાળેછે, અને જ્યહારે તે ગેરહાજર હોય છે ત્યહારે એથી પણ વધારે બાળે છે, માટે અરે રાતા કમલ! તું ચેટીને મળતું આવેછે. કારણ બપોરના તાપને સમયે બરફ જેમ ઠંડક આપેછે તેમ ચેટીની ગેર-હાજરીમાં મ્હારા હૃદયને તું હેનું સ્મરણ કરાવીને શાન્તિ દેછે; એ ત્હને મૂકી ગઈ છે માટે હું ત્હને મ્હારી પાસે જ રાખીશ." એમ કહીને કમલ હાથમાં જ રાખીને રાજા મંદિરમાં ગયો, અને ભૂતકાળનું દુઃખ વીસરી જઈને ભવિષ્યના વિચાર કરવા મંડ્યો.

શ્રીફળ.

એ આખી રાત્રિ રાજાને મધુપમંજરીનાં સ્વપ્નાં આવ્યાં. પ્રાતઃ-કાળે સૂર્યોદય પ્હેલાં ઊઠીને રાજા બ્હાર ગયો. ચક્રવાક પક્ષી અને હેની માદાને રાત્રિના વિયોગ પછી એક બીજાને ફરી મળ્યાના હર્ષથી કલરવ કરતાં સાંભળતો રાજા ઊભો હતો, તેટલામાં રાજાએ વૃક્ષની ઘટામાંથી ચેટીને ચમકતે ચરણે પોતાની તરફ આવતી જોઈ. ત્હેના હાથમાં શ્રીફળ હતું.

ચેટીએ રાજા પાસે આવીને કહ્યું:—"રાજાજી! હમારાં રાજ-કુંવરીએ પોતાના સ્વામીને આ અપાત્ર જનની દ્વારા શ્રીફળ મોક-લાવ્યું છે, અને કહાવ્યું છે કે જો આપને નિદ્રા મીઠી આવી હશે તો તે પોતાને સુખી માનશે."

રાજાએ કહ્યું:—"પ્રિય ચેટી! ગઈ રાત્રિયે હુ ઊંઘ્યો હતો કે જાગૃત હતો તે કહી સકતો નથી. ખાતરીપૂર્વક માત્ર એટલું જ

જાણ્યું કે મ્હેં આખી રાત્રિ ત્હારો જ સ્વર સાંભળ્યો હતો, અને હું ત્હારા સ્હામું જ જોઈ રહ્યો હતો, પરંતુ એ સાચું હતું કે સ્વપ્નું હતું તે હું જાણતો નથી."

ચેટીએ ગંભીરતાથી કહ્યું:—" આ ચિન્હ ઘણાં ભયંકર લાગેછે. એક ઘેલો પુરુષ પથ્થરમાં પ્રેમાસક્ત બન્યો હતો, ત્હેના જેવો જ ત્હમારો રોગ લાગે છે."

રાજાએ કહ્યું:—" સુન્દર ચેટી! પથ્થર અને ત્હારી વચ્ચે હું કાંઈ પણ મળતાપણું દેખતો નથી."

ચેટીએ કહ્યું:—" પેલા ઘેલા પુરુષને પથ્થરથી જે'વો અનુભવ થયો હતો ત્હેનાથી સ્હેજ પણ હું ત્હમને વધારે સુખકર નીવડનાર નથી."

રાજાએ કહ્યું—" મ્હને હેની વાત કહે, એ પુરુષની વાર્તા મ્હારા જેવી હતી કે નહિં તે જાણવાની મ્હને લગારે ઇચ્છા નથી. પરંતુ તેટલો સમય હું ત્હારૂં વદન નિહાળીશ અને ત્હારો સ્વર સાંભળીશ."

ચેટીએ કહ્યું:—" એક રાજા હતો, તે વનમાં શિકાર કરવા ગયો; એ વનમાં એક ન્હાનું મંદિર હતું ત્ય્હાં રાજા આવી ચઢ્યો. એ મંદિરમાં એક સ્વરૂપવાન દેવીની મૂર્તિ હતી, એ મૂર્તિ ઉપર રાજાની દૃષ્ટિ પડી કે તરત રાજા એટલો બધો મોહિત થઈ ગયો કે ત્ય્હાંથી ખશી સકયો નહિં. હેણે કેટલાક કારીગરોને બોલાવડાવીને એ મૂર્તિ મંદિરમાંથી ઊપડાવીને પોતાના મેહેલમાંના એક ખંડમાં મૂકાવી અને રાત્રિ દિવસ રાજા હેની સ્હામે બેશીને હેને નિહાળવામાં બધો સમય ગાળવા મંડ્યો. એ મૂર્તિને ચુમ્બન કરતો હતો અને મૂર્તિ હેને ચુમ્બન નહોતી કરતી ત્હેને માટે મૂર્તિને ઠપકો દેતો હતો. એક રાત્રિયે રાજા ભરનિદ્રામાં હતો ત્ય્હારે હેને એમ લાગ્યું કે એ દેવી પોતાની પાસે આવી છે, અને એ પથ્થરની મૂર્તિ નથી પરંતુ જીવનમય, માનવ દેહવાળી, માંસ અને રક્તની બનેલી છે. દેવીને પોતાની પાસે આવતી જોઈને અત્યન્ત હર્ષથી રાજા હેને આલિંગન દેવા ગયો; પરંતુ એટલામાં એક પહેરેગરે રાજમાર્ગ ઉપર બૂમ પાડ્યાથી રાજા ઊંઘમાંથી જાગી ઊઠ્યો; આથી રાજા ઘણો ક્રોધિત થયો અને એ પ્હેરેગીરને તરત જ મારી નંખાવ્યો, અને નગરમાંના બીજા સર્વ પ્હેરેગીરોને દેશનિકાલ કર્યા,

અને રાજા પોતાનું બાકીનું જીવન એ દેવીના પોતાના સ્વપ્નમાંના મેલાપનું પરિણામ જાણવાના વ્યર્થ યત્ન કરવામાં ગાળવા મંડ્યો, પરંતુ હેમાં વિજયી નીવડ્યો નહિં; તેથી જાગૃત અવસ્થામાં એ જે જે જોતો હતો તે સર્વ વસ્તુ, સર્વ વિષય ઉપર હેને તિરસ્કાર ઉત્પન્ન થયો. હેણે પોતાના મનમાં કહ્યું કે પરમેશ્વરની કૃપાથી જે દેવીનાં મ્હને પ્રત્યક્ષ દર્શન થયાં હતાં તે દેવીની પથ્થરની પ્રતિમા જેવો જ આ સર્વ સંસાર નિર્જીવ અને નિઃસાર છે, માટે જે વસ્તુ સ્વપ્નમાં પણ પામવી અશક્ય છે ત્હેને માટે ફાંફાં મારવાં એ મૂર્ખાઈ છે. માટે રાજાજી! જો ત્હમે હમારાં રાજકુંવરીને વીસરી જઈને અન્ય સ્ત્રી વિષે ત્હમારા તરંગો ભટકવા દેશો તો ત્હમે પણ એ રાજા જેવા જ ગણાશો. રાજાજી! મ્હારૂં કહેવું સત્ય નથી? મ્હેં કરેલી સરખામણી યોગ્ય નથી?”

રાજાએ કહ્યું:—“હું નથી જાણતો. મ્હેં ત્હારી વાર્તા સાંભળી નથી. હું તો ત્હારા હોઠ જોયા કરતો હતો, હેવી સુન્દરતા મ્હેં પ્હેલાં કદી પણ જોઈ નથી. મ્હને એ વાર્તા ફરી કહે, હું મ્હારી આંખ્યો મીંચી દઈશ. એટલે ત્હારા શબ્દોનો અર્થ સમઝવામાં ત્હારૂં સૌન્દર્ય મ્હારૂં ચિત્ત આકર્ષીને વિઘ્નરૂપ નહિં થાય.” આ સાંભળીને ચેટી હશી અને કહ્યું:—

“મ્હારૂં ધારવું સત્ય જ છે, ત્હમારી બુદ્ધિ ઓછી થવા માંડી છે. આટલું કહીને ચેટીએ રાજાના ચરણ ઉપર શ્રીફળ મૂકયું અને એકવાર પાછું ફરીને જોયા વગર વૃક્ષોની ઘટામાં જતી રહી. રાજાએ નીચા નમીને શ્રીફળ હાથમાં લઈને કહ્યું:—“શ્રીફળ! ત્હારૂં નામ યોગ્ય જ પાડયું છે; ગયા જન્મમાં ત્હેં કાંઈ પુણ્ય કર્યું હશે તેથી ચેટીના હસ્તમાં રહેવાને તું ભાગ્યશાળી નીવડયું, બાકી ત્હારાં અન્ય ભાણ્ડુઓ નિરાશામાં વૃક્ષ ઉપર જ કે'વાં લટકી રહ્યાં છે!” આટલું બોલીને રાજા શ્રીફળ હાથમાં રાખીને ચેટીના ઉષાના રંગ જેવા સુન્દર હોઠનો વિચાર કરતો કરતો મંદિરમાં ગયો.”

શિરીષ.

આખી રાત્રિ રાજાએ પાંદડાના શયનમાં ગાળી અને પ્રાતઃકાળે

સૂર્યોદય પ્હેલાં જાગૃત થયો અને સરોવરની ધાર ઉપર જઈને ઊભો. ખીલેલા કમળથી છાંટીદાર ચિત્તાના ચર્મ જેવું દેખાતું સરોવર જોતો હતો તેટલામાં પ્રાતઃકાળ થતા પ્હેલાં સરોવર ઉપરથી વનવાગોળ ઊડીને જતાં હતાં ત્હેના સરોવરમાં પડતા પ્રતિબિંબની પેઠે રાજાના હૃદયમાં શંકા ઉત્પન્ન થઈ. ત્હેણે મનમાં કહ્યું:—"આહા! એ ઘણી સુંદર છે, પણ હાય! એ સ્ત્રી છે; જેમ ચામાચીડિયાં ગુપ્ત રીતે અંધકારમાં પ્રવેશ કરે છે, તે પ્રમાણે હેને મારા હૃદયમાં પ્રવેશ કરવા દીધો છે એ મ્હેં સારૂં કર્યું છે?" તે જ ક્ષણે રાજાએ ચેટીને શિરીષ પુષ્પ હાથમાં લઈને આવતી જોઈ. હેણે આવીને રાજાને કહ્યું કે:— "હમારાં રાજકુંવરીએ આ અપાત્ર જનની દ્વારા પોતાના સ્વામીને પુષ્પ મોકલાવ્યું છે ને કહ્યું છે કે જો આપને નિદ્રા સારી આવી હશે તો તે પોતાને સુખી માનશે." રાજા થોડીક ક્ષણ સૂર્યના કિરણ જેવા ચેટીના સ્મિતમય હોઠ ભણી જોઈ રહ્યો, અને નિઃશ્વાસ નાંખીને બોલ્યો:—"પ્રિય ચેટી, જે'ના હૃદયમાં ભય અને શંકા હોય છે તે શી રીત્યે સારી નિદ્રા લઈ સકે? કારણ, જે સમુદ્રમાં એકવાર નૌકાભંગ થયો છે તે જ સમુદ્રમાં પાછા જવાની તૈયારી હું કરૂં છું. વાદળી રંગનો સમુદ્ર છે, ધીમા શાન્ત અને આનન્દમય મોજા આવે છે; અને છતાં પ્હેલી વાર જ્યહારે મ્હને વિશ્વાસઘાત કર્યો ત્યહારે પણ તે સમુદ્ર ત્હેવો જ હતો. તો મ્હારી નૌકા ફરી હેવા સમુદ્રને સોંપું?" ચેટીએ રાજા ભણી જરા ખેદિત અને ઠપકો દેતી દૃષ્ટિયે જોયું અને કહ્યું:—"દ્વિધાવૃત્તિવાળાં હૃદયનો નાશ થાય છે. ધૈર્ય અને વિશ્વાસની ખામીને લીધે જે કાંઇ પણ સાહસ કરી સકતો નથી, તે કદી વિજયી નીવડતો નથી. સમુદ્રના ઊંડાણમાં જ્યહાં રાક્ષસો ભમે છે, સમુદ્રની દેવીઓ રહે છે, ત્યહાંનો રત્નભંડાર હેને માટે નથી: એક સમયે એક વ્હેપારીનો પુત્ર દૂર દેશમાં વ્હેપાર કરવા જવાને નૌકામાં બેઠો. હેની નૌકા તોફાની મોજાઓ ઉપર થઈને અનેક યોજન સુધી તર્યે ગઈ; આખરે તે સમુદ્રની મધ્યમાં આવી પ્હોંચ્યો. એકાએક પવન બંધ થઈ ગયો અને નૌકાના શઢ ઢીલા થઈને વહાણના પરબાણ ઉપર લટકી રહ્યા, અને નૌકા ચાલતી બંધ પડી. એકાએક લીલા ઊછળતા સમુદ્રમાંથી પરવાળાંનું વૃક્ષ ઊગી આવ્યું; ત્હેની એક ડાળી ઉપર

સમુદ્રમાંની કન્યા બેઠેલી હતી; હેના શરીરના અવયવો ઉપરથી સમુદ્રનું ફીણ ટપકતું હતું, અને ત્હેની છાતી ઉપર મોતી પ્રમાણે વળગી રહ્યું હતું, અને મલાઈની પેઠે સમુદ્રમાં પડતું હતું; અને હેના લાંબા વાળ સમુદ્રના પાણી ઉપર તરતા હતા. ત્હેણે વ્હેપારીના પુત્રને કહ્યું:-" સમુદ્રમાં કૂદકો મારો, અને મ્હારી સાથે આવીને રહો, તો કોઇ વ્હેપારીએ કદી દીઠાં પણ નહિં હોય હેવાં અમૂલ્ય રત્ન હું ત્હમને આપીશ, અને કદી કોઇ માનવીએ ન અનુભવેલા સુખનો અનુભવ મન ધરાઈ જાય તેટલો કરાવીશ." આ સાંભળી પેલા વ્હેપારીના બાયલા પુત્રનું મન પેલી સ્વર્ગીય કન્યા માટે તૃષ્ણા તથા સમુદ્રના મોજાનો ભય એ બે વચ્ચે ડગમગવા લાગ્યું. ત્હેણે સમુદ્રમાં કૂદવાને ઉત્સુકતાથી જોવા માંડયું, પરંતુ કૂદકો મારવાની હીમત ચાલી નહિં. અને થોડીક વાર પછી તે સુંદર વૃક્ષ, ત્હેના ઉપરની સુંદર કન્યા સાથે સમુદ્રમાં ડુબકી મારી અદશ્ય થઈ ગયું, અને વ્હેપારીનો પુત્ર ભર-સમુદ્ર અને આકાશવચ્ચે તદ્દન એકલો રહ્યો. હેણે નિષ્ફળ પશ્ચાત્તાપ ભરેલા હૃદયે પાછો પ્રવાસ શરૂ કર્યો. પરંતુ થોડા સમયમાં સમુદ્રમાં ભયંકર તોફાન ચઢી આવ્યું અને હેની નૌકા તથા એ બંને સમુદ્રમાં ડૂબી ગયાં. આમ થવાથી હેણે ઇચ્છેલો સર્વ ખજાનો નાશ પામ્યો અને જે ભયથી એ બ્હીતો હતો તે ભયમાંથી પોતાની તુચ્છ જીંદગી પણ બચાવી સક્યો નહિં. ઓ રાજા! આ જીવન નાશવંત છે, અને સમુદ્રના તરંગ જેવું છે, પરંતુ તે તરંગો કરતાં પણ વધારે અસ્થિર છે. અને આ જીવનમાં એટલો બધો શો અર્થ છે કે એ ખોવું અથવા તો જીવનમાં એક જ વાર જે વસ્તુ ભાગ્યદેવી આપે છે અથવા બહુવાર મુદ્દલ નથી આપતી, તે સ્વપરાક્રમથી મેળવવી, એ બે વાત વચ્ચે ક્ષણભર પણ વિચારતુલના શૂર પુરુષે કરવી હિતકર ગણાય?"

એમ કહી ત્હેણે શિરીષ પુષ્પ રાજાના ચરણ આગળ મૂક્યું અને પાછી ફરીને ધીમે ધીમે વૃક્ષોની ઘટામાં અદૃશ્ય થઈ ગઈ. રાજાએ નીચા પડીને પુષ્પ લીધું અને કહ્યું:-" આહા! શિરીષ, જો કે તું સુંદર છે, છતાં ત્હને ધિક્કાર છે, કારણ ત્હેં દુઃખ આણ્યું છે, મ્હેં અઘટિત શંકા આણીને મ્હારી પ્રિય ચેટીને અપ્રસન્ન કરી છે. પણ અરે! તે એક સ્ત્રી છે. અરેરે, ઈશ્વરે હેને સ્ત્રીવર્ગમાંથી જુદી જ

કરીને હેનો એક વર્ગ જુદો જ શામાટે નહિં કર્યો હોય કે જ્યહારે હું હેના સ્હામું જોઉં ત્યહારે મ્હને સ્ત્રીજાતિના દુર્ગુણોનું સ્મરણ ન થાય ?" એમ બોલતો રાજા પોતાના ઉપર જ ક્રોધાયમાન થયો અને ચેટીના મોહમાં પ્હેલાં કરતાં વધારે પડ્યો, અને પુષ્પ હાથમાં જ રાખી મંદિરમાં ગયો.

કદમ્બ.

રાજાએ આખી રાત્રિ પાંદડાંના શયનમાં શંકા આણ્યા માટે પશ્ચાત્તાપ કરવામાં કાઢી, અને પ્રાઃતકાળે સૂર્યોદય પ્હેલાં ઊઠીને મંદિરની બ્હાર ગયો, અને લસણમણિની પેઠે ક્ષણે ક્ષણે બદલતા રંગવાળું સૂર્યોદય પ્હેલાંનું પૂર્વનું આકાશ જોતો ઊભો રહ્યો. સૂર્યોદય થયો, પરંતુ ચેટી આવી નહિં. દિવસ ચઢ્યો, તેમ તેમ રાજાની મુખમુદ્રા ફિક્કી પડવા માંડી. એ મનમાં બોલ્યોઃ—" શું ચેટીને આજે વળી મ્હને એકલો પાડવાનો વિચાર છે ?" આખરે સૂર્ય છેક ઉપર આવ્યો ત્યહારે રાજાએ ચેટીને ધીમે ધીમે આવતી જોઈ. હેના હાથમાં જાંબુડા રંગનું કદમ્બનું પુષ્પ હતું. રાજાને મન ચેટી જાણે સમાધાન કરનાર અમૃત સ્ત્રીરૂપે આવ્યું હોય ત્હેવી લાગી. ચેટીએ રાજા પાસે આવીને કહ્યુંઃ— " હમારાં રાજકુંવરીએ આ અપાત્ર જનની દ્વારા પુષ્પ મોકલાવ્યું છે ને કહ્યું છે કે જો આપને નિદ્રા સારી આવી હશે તો તે પોતાને સુખી માનશે. "

રાજાએ કહ્યુંઃ—" પ્રિય ચેટી, કરેલા પાપને માટે ક્ષમા ઇચ્છનારને કે'વી રીત્યે નિદ્રા આવે ?"

ચેટીએ પૂછ્યુંઃ—" એ વળી શું છે ?"

રાજાએ કહ્યુંઃ—" મ્હારી નૌકા તરતી મૂકી છે ને કય્હારનીએ ભર સમુદ્રમાં પ્હોંચી છે. હવે માત્ર પરવાળાના વૃક્ષ ઉપર બેઠેલી સ્ત્રીએ મ્હને સમુદ્રમાં ડુબકી મારવાની આજ્ઞા કરવા શિવાય કશું બાકી નથી."

આ સાંભળી ચેટીએ હર્ષથી પ્રકાશિત થયેલાં નેત્રો વડે રાજાના સ્હામું જોયું, પણ હેણે કહ્યુંઃ—" ઓ રાજા, હેવી કન્યાઓ ઘણી દુર્લભ

હોય છે, પરવાળાંના વૃક્ષ કરતાં પણ દુર્લભ હોય છે. તેથી મ્હને લાગે છે કે ત્હમે ત્હમારી નૌકા વ્યર્થ તરતી મૂકી છે. અને ત્હમારે મ્હારી રાજકુંવરી જેવી કોઇ આ પૃથ્વીની સ્ત્રીથી સંતોષ પામવો પડશે."

રાજાએ કહ્યું:—" મ્હને ત્હારી રાજકુંવરીની વાત કરીશ નહિં. હુ ત્હારી એ વાત સાંભળીશ નહિં."

ચેટીએ કહ્યું:—" વારૂં, પણ એ કે'વી છે તે જાણવાને તમે ઉત્સુક તો છો કની? એ મ્હારા કરતાં ઘણી જ સુંદર છે, અને કદમાં ઊંચી છે."

રાજાએ કહ્યું:—" જો તે ત્હારા કરતાં ઊંચી હોય તો જોઇયે તે કરતાં વધારે ઊંચી કહેવાય."

ચેટીએ કહ્યું:—" વળી એ કવિતકળામાં કુશળ છે."

રાજાએ કહ્યું:—" સ્ત્રીઓ પંડિતા હોય તે મ્હને ગમતી નથી."

ચેટીએ કહ્યું:—" ઇંદ્રની સમક્ષ નૃત્ય કરનાર અપ્સરાઓના જેવી તે નૃત્યકળા તથા ગાયનકળામાં નિપુણ છે."

રાજાએ કહ્યું:—" માત્ર મ્હારી ભણી આવતા ત્હારા ચરણો શિવાય હું બીજા ચરણોના નૃત્યની લગારે દરકાર કરતો નથી, અને મધુકરના ગુંજારવ કરતાં પણ ત્હારો કંઠસ્વર મ્હારા કાનને મધુર લાગે છે તે શિવાય હું બીજા ગાયનની દરકાર કરતો નથી."

રાજા આમ બોલ્યો કે તેટલામાં ચેટીના હાથમાંના પુષ્પથી આકર્ષાઇને એક મધુકર એ પુષ્પ પાસે આવ્યો ને ત્હેમાં પેઠો. ચેટીએ ઝડપથી પુષ્પની પાંખડીઓ હાથવડે બીડી દીધી અને કહ્યું:—" ઓ રાજા! ત્હમને ત્હમારા ઘેલાપણાની સાબીતી કરવાને મ્હેં એ ભમરાને કેદ કરી દીધો છે. સાંભળો, હવે છેતર્યા વગર કહો કે ત્હમને શું વધારે મધુર લાગે છે, આ ભમરાનો ગુંજારવ કે મ્હારો કંઠ?"

રાજાએ પોતાનો કાન બીડેલા પુષ્પ ઉપર ધર્યો અને મધુકરનો સ્વર પુષ્પમાં સાંભળ્યો અને કહ્યું:—" હુ કહી સકતો નથી;" અને પોતાનાં નયનો ચેટી ભણી રાખીને કહ્યું:—"હવે તું બોલ્ય એટલે હુ ત્હારા કંઠ અને મધુકરના ગુંજારવની મધુરતા વિષે નિર્ણય કરૂં." આ

સાંભળી ચેટી હશી પડી અને પુષ્પ ઉઘાડી દીધું એટલે ભમરો ઊડી ગયો.

આ જોઈ રાજા બોલ્યો:-" અરેરે ! ભમરો ઘેલો છે, હું નહિં. કારણ ત્હારા હાથમાંના પુષ્પ, અને ત્હારો હસ્ત જે બીજું પુષ્પ જ છે ત્હેનું બનેલું કારાગૃહ આનન્દથી છોડીને કોણ જાય? પુષ્પ અને ત્હારો હસ્ત મ્હને સરખાવવાને આપ્ય." ચેટીએ કહ્યું:-" ના પુષ્પ ત્હમારૂં છે કારણ હમારાં કુંવરીએ મોકલ્યું છે, પણ મ્હારો હાથ મ્હારો જ છે, ને હવે મ્હારે જવાનો સમય થયો છે." એટલામાં ભમરો પાછો આવ્યો અને ચેટીના માથાની આસપાસ ગણગણાટ કરવા મંડ્યો. તેથી ચેટી ભય પામીને બોલી:-" આ દુષ્ટ ભમરો મ્હને ડંખ દેશે." રાજાએ કહ્યું:-" ખરેખર, હેને પૂર્યો હતો ત્હેનું વેર વાળવાને એ આવ્યો છે." ચેટી વધારે ભયભીત થઈને દોડીને લગભગ રાજાના ભુજમાં પડી અને બોલી:-" ઓ રાજા, શરણે આવેલીનું રક્ષણ કરો."

રાજાએ હર્ષિત થઈને કહ્યું:-" ઓ મધુકરના રાજા, તું મ્હારી પાસે આવ્ય, અને કરેલા ઉપકારના બદલામાં હું ત્હને આખો દિવસ કમળના પ્યાલામાં મધ આપીશ." પરંતુ એટલામાં મધુકર ઊડી ગયો; અને મધુપમંજરી ગભરાઈને રાજાથી દૂર ખશીને ઊભી અને બોલી:-" ઓ રાજા, હમારાં રાજકુંવરી શૂરાં છે, એ મધુકરથી ભય પામતાં નથી."

રાજાએ કહ્યું:-" મધુકરથી ભય ન પામનારી સ્ત્રીઓનું નામ જવા દ્યો! પણ ઓ! મધુપની મંજરી! આ ભમરાએ ત્હારા હોઠને પુષ્પ ધાર્યાની ભૂલ્ય કરી તે ક્ષમા કરવા યોગ્ય છે."

ચેટીએ કહ્યું:-"ઓ રાજા! આ દુષ્ટ ભમરાએ મ્હને ત્હમારી દૃષ્ટિમાં હલકી પાડી અને સ્ત્રીઓની મર્યાદાનો ભંગ કરાવ્યો; પણ હવે મ્હારે જવાનો સમય થયો." એમ કહી ત્હેણે પુષ્પ રાજાના ચરણ ઉપર મૂક્યું અને પાછું જોયા વગર વૃક્ષોમાં અદૃશ્ય થઈ ગઈ. રાજાએ નીચા પડીને પુષ્પ લીધું અને કહ્યું:-" ઓ યશસ્વી પુષ્પ, તું કરમાઈ જઈશ તે પછી પણ હું ત્હને નિરંતર સાચવી રાખીશ; કારણ ત્હારે લીધે ભમરો આવ્યો ત્હેના ગભરાટથી જ મ્હારી પ્રિય ચેટી સાવધાનતા ભૂલી જઈ મ્હારા ભુજમાં રક્ષણ લેવાને દોડી આવી. આહા!

સુંદરી, ત્હારી નિર્બલતાને લીધે તું વધારે મોહક લાગે છે. જે જે રાજપુત્રીઓ ભમરાથી બ્હીતી નથી ત્હેનાં નામ જ જવા દ્યો.” એમ કહી હેણે કદમ્બના પુષ્પને ચુમ્બન કર્યું અને હર્ષથી મત્ત થઈ મંદિરમાં ગયો.

કુરબક.

રાજાએ તે આખી રાત્રિ પાંદડાંના શયનમાં કદમ્બપુષ્પ હાથમાં જ રાખીને ગાળી, અને પ્રાતઃકાળ થતા પ્હેલાં ઊઠીને મંદિરની બ્હાર ગયો, અને દિવસના મહાન દીપકનો ઉદય થઈને પોતાના ન્હાના દીપકને લજાવશે એ ભયથી આગિયાઓ ઉતાવળથી સંતાતા હતા ત્હેમને જોતો રાજા સરોવરને કાંઠે ઊભો રહ્યો. એટલામાં રાજાએ ચેટીને પોતાની પાસે આવતી જોઈ, હેના હસ્તમાં કુરબકનું પુષ્પ હતું. હેના મુખારવિન્દ ઉપર ગયા દિવસના બનેલા બનાવથી લજ્જાથી રંગ ચઢી આવતો હતો તેથી તે અવતાર લીધેલી લજ્જાની મૂર્ત્તિ જ દેખાતી હતી.

ચેટીએ રાજાની પાસે જઈને કહ્યુંઃ–“ઓ રાજા, હમારાં રાજકુંવરીએ પોતાના સ્વામીને આ અપાત્ર જનની દ્વારા પુષ્પ મોકલાવ્યું છે ને કહાવ્યું છે કે જો આપને નિદ્રા સારી આવી હશે તો તે પોતાને સુખી માનશે.”

રાજાએ કહ્યુંઃ–“પ્રિય ચેટી, શરણ આવેલાને સહાય ના કર્યાના દૂષણથી દૂષિત નથી થયો તે પુરુષને સારી નિદ્રા આવે જ.” આ સાંભળીને ચેટીએ ભૂમિ તરફ નીચી દૃષ્ટિ કરી. રાજા હેની ભણી સ્નેહથી જોઈ રહ્યો, અને બોલ્યોઃ–“પ્રિય ચેટી, લજ્જા પામીશ નહિં. તે પ્રસંગે ત્હારી સ્થિતિ ભયંકર હતી. અને ત્હારા કષ્ટના પ્રસંગનો મ્હેં કોઇ પણ રીત્યે લાભ લીધો નથી; છતાં જો એ મધુકર મ્હને ફરી મળે તો હુ હેને એટલું બધું અમૃત પાઉં કે ત્હેના ઘેનથી એ ઊઠી પણ ન સકે.”

ચેટીએ પૂછ્યુંઃ–“અને હેણે મ્હને ડંખ માર્યો હત તો?” રાજાએ કહ્યુંઃ–“ચેટી જો એ દુષ્ટે ત્હને ડંખ દીધો હત તો હું હેને

કરોળિયાનાં જાળાંવડે બાંધીને હાથીની સ્હામે નાંખત." આ સાંભળી ચેટી હસી, અને બોલીઃ–"બિચારો મધુકર! હેના દોષ કરતાં ભારે શિક્ષા થાત. પણ હવે જવા દ્યો હેની વાત! મ્હને હમારાં રાજકુંવરીના ગુણ ત્હમને કહેવા દ્યો."

રાજાએ ઉતાવળથી કહ્યુંઃ– "અરે! પીડા દેનાર! ત્હારાં રાજકુંવરીનું સ્મરણ દેવાનું શું તું કદી ભૂલીશ નહિ? અરેરે! હું રાજા ન હોત તો કે'વું સારૂં થાત! રાજયવ્યવહારનાં પ્રયોજનોને લીધે ન જોઈતી રાણીઓની હયાતી સહન કરવી પડેછે તે સહન કરવું ના પડત! અથવા તો તું જ એ રાજકુંવરી અને એ ત્હારી દાસી એમ કેમ નથી? કારણ આ સ્થિતિમાં નિરાશા શિવાય હું બીજું કશું દેખતો નથી!" ચેટીએ કહ્યુંઃ–"નિરાશાવશ થવું વ્યર્થ છે. ગણેશની કૃપાથી અને પોતાના નિશ્ચયથી હાના કરતાં પણ મહાન્ વિઘ્નો ટાળવાને બીજાઓ સમર્થ થયા છે. અનેક વર્ષો પૂર્વે દઢ નિશ્ચયથી વિશ્વામિત્ર બ્રાહ્મણપદ નહોતા પામ્યા?" રાજાએ નિઃશ્વાસ નાંખીને કહ્યુંઃ– "અરે! મ્હારી પ્રિય ચેટી! હું દુઃખમાં છું તે સમયે મ્હને આશ્વાસન દેવાને બદલે વગર મુદ્દાની પૂર્વની વાતો કરીને મ્હારો ઉપહાસ કરે છે." ચેટીએ કહ્યુંઃ–"ઓ રાજા! કેટલાક વિઘ્ન ટાળી શકે છે અને કેટલાક માત્ર પડછાયા જે વિઘ્ન જેવા દેખાય છે પણ ખરૂં જોતાં વિઘ્ન હોતા જ નથી તે પડછાયા જોઈને જ બુદ્ધિ ખોઈ દે છે, તે મૃત્યુ પામે છે. જેમ કે એક પ્રસંગે પૂર્ણિમાનો ચંદ્ર કુમુદ ઉપર પ્રેમ કરવાના હેતુથી કુમુદ શોધતો અરણ્યમાંના સરોવરમાં કુતૂહલથી ડોકિયાં કરવા મંડ્યો. એ સરોવરમાં કાળા કાદવમાં ઊગેલું એક શ્વેત કુમુદ પુષ્પ હતું. પરંતુ તે દિવસે એ જ સરોવરમાં બે હાથી આવ્યા હતા તે બે વચ્ચે લઢાઈ થઈ હતી અને એક બીજાને દંતૂશળ વતી મારતા હતા, ત્હેમનું રુધિર સરોવરમાં વહી જઈ કુમુદ ઉપર પડીને તે કુમુદની શ્વેત પાંખડીઓને રાતા રંગની કરી તેથી જ્યહારે એ ચંદ્રે સરોવરમાં ડોકિયું કર્યું ત્યહારે મનમાં બોલ્યોઃ–"અરે રે! મ્હારી પ્રિય કુમુદિની નથી પણ આ તો રાતું કમળ છે." એમ કહીને એ દુઃખ કરવા લાગ્યો, અને દરેક રાત્રિ દુર્બલ થતો ગયો, તે એટલો ક્ષીણ થઈ ગયો કે આખરે તદ્દન લુપ્ત થઈ ગયો. પછી અમાસની

અંધારી રાત્રિયે વાદળાં થોકેથોક ભેગાં થયાં અને સરોવરમાં પુષ્કળ વરસાદ વરશ્યો અને પેલા કુમુદને ધોઈને સ્વચ્છ કર્યું. અને બીજની રાત્રિયે ચંદ્રે જોયું તો તે કુમુદનું પુષ્પ શ્વેત હતું અને ચન્દ્રના આવવાથી આવેલા હર્ષના અશ્રુ જેવું ત્હેની પાંખડી ઉપર વરસાદનું એક બિન્દુ પ્રકાશતું હતું." આ સાંભળી રાજાએ કહ્યું:–"આહા! હું એ ચંદ્ર ને તું મ્હારું કુમુદ હત તો કે'વું સારું! રાત્રિયો મ્હારી આનંદ-ભરેલી પળની પેઠે જાત, અને હાલ જેમ વિયોગના અંધકારથી ભારે લાગેછે તેમ ના થાત." ચેટીએ કુરબક પુષ્પ રાજાના ચરણ આગળ મૂક્યું અને જતી રહી, વૃક્ષોમાં લુપ્ત થતા પ્હેલાં પાછું ફરીને જોયું, અને પછી તે અદૃશ્ય થઈ. રાજાએ નીચા પડીને પુષ્પ લીધું અને કહ્યું:–"કુરબક, જો ત્હને મ્હારું રુધિર લગાડ્યાનો કાંઇ પણ ઉપયોગ થાય તેમ હોત તો હું આનંદપૂર્વક પેલા હાથીએ પોતાના રુધિરથી કુમુદને રંગ્યું તેમ રંગત; પણ તેમ છતાં એ ત્હારો હાલ રાતો રંગ છે ત્હેનાથી વધારે રાતો રંગ હું બનાવી સકત નહિં." એમ કહી તે કુરબક હાથમાં રાખીને મંદિરમાં પાછો ગયો; અને પોતાનો પ્રેમ અને પદવી વચ્ચે વિરોધ આવશે એમ ભવિષ્ય વિચારીને હૃદય શોકભર્યું બન્યું.

અશોક.

રાજાએ આખી રાત્રિ પાંદડાંના શયનમાં તરફડિયાં મારીને ગાળી અને પ્રાતઃકાળે સૂર્યોદય પ્હેલાં ઊઠીને મંદિરની બ્હાર ગયો અને પ્રાતઃ-કાળના આકાશના રંગ જેવા રંગની ચાંચોવાળા પોપટોને અશ્વત્થ વૃક્ષમાં કિલકિલાટ કરતા સાંભળતો ઊભો રહ્યો. તેટલામાં ત્હેણે ચેટીને ચમકતે ચરણે પોતાની ભણી આવતી જોઈ; હેના હાથમાં અશોકનું ફૂલ હતું. પ્રેમામૃત રસની મૂર્તિ જેવી તે હેની દૃષ્ટિયે દેખાતી હતી. ચેટીએ રાજા પાસે આવીને કહ્યું:–"હમારાં રાજકુંવરીએ પોતાના સ્વામીને આ અપાત્ર જનની દ્વારા પુષ્પ મોકલાવ્યુંછે ને કહાવ્યું છે કે જો આપને નિદ્રા મીઠી આવી હશે તો તે પોતાને સુખી માનશે." રાજાએ કહ્યું:–"પ્રિય ચેટી, જે પ્રાતઃકાળ થવાની આતુરતાથી વાટ્ય જોતો હોય ત્હેને શી રીત્યે મીઠી નિદ્રા આવે? અરેરે! ઉષા સર્વદા સર્વ સમય કેમ રહેતી નથી? કારણ ઉષઃકાળે બધાં કમળ સૂર્યનાં

કિરણોથી કે'વાં સૂનેરી દેખાયછે, અને તું અહિંયાં આવેલી હોયછે! સૂર્ય કાયમનો પૂર્વના પર્વતો ઉપર રહી કમળને નિરંતર સૂનેરી કરે અને ત્હને નિરંતર અહિંયાં જ રાખે હેવું કરવાને શું મહેશ્વર પોતાના સામર્થ્યથી સૂર્યને ત્રિશૂળવડે આકાશમાં સ્થિર ના રાખી સકે?"

ચેટીએ કહ્યું:—"ઓ રાજા! જેમ ઘણા વર્ષ પૂર્વે સૂર્યલોકના કાંતનારનો લોભ કરનારનું માઠું પરિણામ આવ્યું હતું તેમ જે અશક્ય વસ્તુની ઇચ્છા રાખેછે ત્હેનું પરિણામ ઘણું માઠું આવેછે. એક સમયે એક જુગારીએ જુગાર રમતે સર્વ ખોયું, અને ભટકવા લાગ્યો; રખડતે રખડતે એક અપ્સરા નિદ્રાવશ હતી ત્યહાં આવી ચઢ્યો, અને હેની તરફ દોડી ગયો. હેના આવ્યાથી અપ્સરા જાગી ઊઠી, અને આકાશમાં ચઢી અદૃશ્ય થઈ ગઈ, પરંતુ અપ્સરાનો પગ હેણે ઝાલ્યો, તેથી હેના હાથમાં અપ્સરાની સુવર્ણની પાવડી રહી ગઈ. એ સુવર્ણની પાવડી પાછી આપવાને અપ્સરાએ કાલાવાલા કરવા તથા પટાવવા માંડ્યું અને કહ્યું કે:—"મ્હને મ્હારી પાવડી પાછી આપો; હેના વગર હું ઇન્દ્રના દરબારમાં જઈ સકીશ નહિં. અને આજે રાત્રે મ્હારે ત્યહાં નૃત્ય કરવાનુંછે." જુગારીએ કહ્યું:—"જો તું મ્હને સ્વર્ગમાં લઈ જાય અને ત્હને નૃત્ય કરતી જોવા દે તો હું ત્હને પાવડી પાછી આપું." હેનું કહેવું કબૂલ કર્યા વગર છૂટકો ન હોવાથી અપ્સરા હેને પોતે કાનમાં પ્હેરેલા પુષ્પમાં સંતાડીને પોતાની જોડે સ્વર્ગમાં લઈ ગઈ. સુવર્ણના કમળની પંક્તિ પવનમાં ઝૂલતી હોય તેમ ત્યહાં હેણે સર્વ અપ્સરાઓને સુવર્ણનાં વસ્ત્ર પ્હેરીને નૃત્ય કરતી જોઈ. આ જોઈ હેને લોભ થયો અને હેણે અપ્સરાને કાનમાં પૂછ્યું કે "ત્હમારાં સુવર્ણનાં વસ્ત્ર ક્યહાંથી આણ્યાંછે?" અપ્સરાએ કહ્યું:—"સૂર્યલોકના કાંતનારાઓ જે પૂર્વ દિશાના પર્વતની પછવાડે વસેછે ત્હેમણે હમારે માટે વણ્યાંછે. જ્યહાં કદી સંધ્યાકાળ થતી નથી, રાત્રિ કે બપોર પણ થતાં નથી, પરંતુ નિરંતર ઉષઃકાલ રહેછે તે પર્વતમાં સંતાયલા પ્રવાહી યાકુત-મણિના સરોવરમાં સૂર્ય સ્નાન કરી રહેછે પછી હેનું માથું હોળીને ઊતરેલાં જૂનાં કિરણો રોજ રાત્રિયે બેશીને તેઓ હેમાંથી સૂનેરી તાર કાંતેછે. આ સાંભળીને જુગારીના લોભા હૃદયમાં તૃપ્તિ ના થાય હેવી તૃષ્ણા ભરાઈ. અને ઘાંટાઘાંટ કરીને બોલ્યો કે:—"જય જય! સુવર્ણ!

જય જય ! સુવર્ણ કાંતનાર !" આ ઘાંટા સાંભળીને ઇન્દ્રે કહ્યુંઃ—" આ કોણ સ્વર્ગના ગાયનમાં ભંગ કરેછે, અને અપ્સરાઓના નૃત્યમાં વિઘ્ન કરેછે ?" એટલે સર્વ શોધ કરવા મંડ્યા ને પેલી અપ્સરાના કાનના પુષ્પમાંથી જુગારી પકડાયો. ઇન્દ્રે માતલિને કહ્યુંઃ—" એ દુષ્ટને સ્વર્ગમાંથી કાઢી મૂકો, અને હેની સાથે આ દુષ્ટ અપ્સરાએ હેને ચોરીથી સ્વર્ગમાં આણ્યો માટે હેને પણ કાઢી મૂકો." માતલિયે હેમને હાંકી કાઢ્યાં. પરંતુ પેલો જુગારી આકાશમાર્ગમાં ક્રમણ ના કરી સકનારો હોવાથી પૃથ્વી ઉપર પડી ગયો, અને હેના કકડે કકડા થઈ ગયા."

" માટે ઓ રાજા ! સાવચેત રહેજો ! અશક્ય વસ્તુની ઇચ્છા રાખતે રખે તમે સ્વર્ગ ખોઈ બેસો ?" એમ કહી ચેટીએ અશોકપુષ્પ રાજાના ચરણ આગળ મૂક્યું ને જવાને ફરી, એટલામાં રાજાએ કહ્યુંઃ—" આહા ! પ્રિય ચેટી, તું જરા વધારે સમય થોભી નહિં સકે ?" ચેટીએ કહ્યુંઃ—" ના." રાજાએ કહ્યુંઃ—" ત્‍હારે દિવસમાં બે અથવા ત્રણ વાર ના આવી સકે ? કારણ દિવસ લાંબા છે અને તું થોડીક પળ જ રહેછે. અને બે દિવસ વચ્ચે એક રાત્રિનું લાંબું અંતર છે." ચેટીએ કહ્યુંઃ—" ઓ રાજા, અશક્ય વસ્તુનો લોભ ના કરશો. જ્‍હાં મ્‍હારાં રાજકુંવરી હોય ત્‍હાં હું પણ અવશ્ય હોવાની અને હવે મ્‍હારે કાર્ય કરવાનાંછે." એમ કહીને તે રાજા સ્‍હામું પાછું ફરીને જોતી જોતી, વૃક્ષની ઘટામાં અદૃશ્ય થઈ ગઈ. રાજાએ નીચા પડીને પુષ્પ લીધું ને કહ્યુંઃ—" અશોક ! આ ઉદ્વેગકર ચેટીની પેઠે તું પણ મ્‍હને દુઃખ દેછે. કારણ ત્‍હારી સુંદરતા હેવી છે કે ત્‍હને નાંખી દેવાની ઇચ્છા થતી નથી, અને રાખું તો તું મ્‍હને હેની રાજકુંવરી પ્રત્યેના કર્તવ્યનું સ્મરણ કરાવ્યા વગર રહેતું નથી." એમ કહી તે હાથમાં અશોકપુષ્પ અને હૃદયમાં મધુપમંજરીની મૂર્તિ રાખીને મંદિરમાં પાછો ગયો.

પલાશ.

રાજાએ આખી રાત્રિ પાંદડાના શયનમાં તરફડિયાં મારીને ગાળી, અને પ્રાતઃકાળે સૂર્યોદય પ્‍હેલાં ઊઠીને શોકપૂર્ણ હૃદયે બગલાની પેઠે વિચારમગ્ન થઈને સરોવરને તટે જઈને ઊભો. ચેટી છેક રાજાની

પાસે આવીને ઊભી રહી ત્ય્હાં સૂધી રાજાએ હેને દીઠી નહિં. રાજાએ ઊંચું જોયું તો ચેટીને લાલ રંગનું પલાશ પુષ્પ હાથમાં રાખીને ઊભેલી જોઈ. ચેટીએ કહ્યું:–“ઓ રાજા, હમારાં રાજકુંવરીએ પોતાના સ્વામીને આ અપાત્ર જનની દ્વારા પુષ્પ મોકલાવ્યુંછે ને કહાવ્યુંછે કે જો આપને નિદ્રા મીઠી આવી હશે તો તે પોતાને સુખી માનશે.” રાજાએ કહ્યું:–“પ્રિય ચેટી, તું રોજ મ્હારી પાસે આવેછે માટે અદેખા સ્પર્ધા કરનારની પેઠ રીસાઈને નિદ્રા મ્હારી પાસે આવતી નથી.” ચેટીએ સ્મિત કરીને કહ્યું:–“રાજા, હેને કોપાયમાન થવા દેશો નહિં, કારણ, હવે થોડા સમય પછી મ્હારું અહિં આવવાનું બંધ થશે.” રાજાએ કહ્યું:–“હાય! હેવું ના કહીશ. મ્હારા હૃદયમાં જે ગૂઢ હતું તે જ તું બોલી! હવે થોડા સમયમાં જ મ્હારે ત્હારી રાજકુંવરી સાથે મહાદુઃખે લગ્નવિધિ કરવો પડશે, કારણ હવે લાંબો સમય મુલતવી રાખવું એ અવિવેક ગણાય. અને અરેરે! પછી મ્હારું અને ત્હારું શું થશે? તું અહિયાં આવતી બંધ પડીશ, અને જો ત્હારી રાજકુંવરીને મ્હારા ઉપર વ્હેમ આવશે તો ત્હને દેહાન્ત દંડની શિક્ષા વખતે કરે.” ચેટીએ કહ્યું:–“ના, ના, હમારાં રાજકુંવરી ત્હમારું અને મ્હારું ભલું ઇચ્છનારાં છે; અને મ્હને તો એમ લાગેછે કે જ્ય્હારે ત્હમને હેમનો પરિચય થશે ત્ય્હારે રખેને ઉલટી જ સ્થિતિ થઈ જશે, અને ત્હમે ચેટીને ભૂલી જઈ રાજકુંવરીને જ રટશો.” રાજાએ કહ્યું:–“સૂર્યને મ્હારો સાક્ષી રાખીને કહુંછું કે હું તેમ કદી નહિં કરું. ઉલટું હું હેને હેના પિતાને ઘેર મોકલી દઈશ. પછી હેનો પિતા ગમે તે ભલે કરે. ભલે મ્હારું રાજ્ય લઈ લે, અને પોતાના રાજ્યમાં ઉમેરીને વધારો કરે, મ્હારે હેની દરકાર નથી. મ્હારે માત્ર, આ વન સરોવર, અને પ્રાતઃકાળે ત્હારી સાથે મેળાપ એટલું જ મળે તો બસ છે.” ચેટીએ સ્મિત કરીને કહ્યું:–“ઓ રાજા, આ માત્ર અર્થ વિનાનું બોલવું જ છે. મ્હારી ખાતરી છે કે ત્હમે હેમને કદી પાછાં મોકલશો નહિં.” રાજાએ કહ્યું:–“ચેટી, હું જરૂર પાછી મોકલીશ.” ચેટીએ કહ્યું:–“ના, એમ કર્યાથી ત્હેમને છેતર્યા ગણાશે અને ત્હમારા વચનનો ભંગ થશે. છેતરવું એ અધમ કૃત્ય છે, શબ્દ પાળવો એ ઉત્તમ છે. અને તે ઉપરાંત રાજાએ ત્હમને પોતાની પુત્રી સોંપી દીધીછે. સાંભળો,

હુ એક વાત કહુ. એક વ્હેપારી હતો, ત્હેની પાસે એક હાથમાં પણ ન માય એવડું મ્હોટું મોતી હતું, તે સ્વાતિ નક્ષત્રમાં સમુદ્રની એક છીપ ઉપર ચંદ્રના પ્રકાશમાં સમુદ્રનું ફીણ ભેગું કરીને બનાવ્યું હોય હેવું દેખાતું હતું. એ મોતી આખા રાજ્યમાં પ્રખ્યાત હતું. એ વ્હેપારીને મુસાફરીએ જવાનું થયું, તેથી તે એક બીજા વ્હેપારી પાસે ગયો, ને એ મોતી આપીને કહ્યું:—"હું પાછો આવું ત્ય્હાં લગી આ મ્હારું મોતી ત્હમને સોંપુંછું." બીજા વ્હેપારીએ કહ્યું:—"સારું, કશી ચિંતા કરશો નહિં." પછી પેલો વ્હેપારી ગયો, પણ જે વ્હેપારી-ને મોતી સોંપ્યું હતું ત્હેણે એ મોતી ભૂમિમાં દાટ્યું. એ નગરનો રાજા વ્હેપારી પાસે આવ્યો અને કહ્યું કે:—'ત્હને પેલા વ્હેપારીએ સોંપેલું મોતી તું મ્હને આપીશ તો હું ત્હને ઘણું ધન આપીશ, જો નહિં આપે તો હું એ મોતી ત્હારી પાસેથી બલાત્કારે લઈશ.' આ સાંભળી વ્હેપારીએ કહ્યું:—'એ મોતીને જોયા કરવું મ્હને બહુ જ ગમે છે માટે એક અઠવાડિયું થોભો તો માગો તે આપું.' રાજાએ કહ્યું:—'એક કરોડ મહોર તું આપે તો અઠવાડિયું હું થોભીશ.' વ્હેપારીએ એક કરોડ મહોરો આપી. એ અઠવાડિયું પૂર્ણ થયું કે રાજા પાછો આવ્યો, અને બોલ્યોઃ—'હવે મ્હને મોતી આપ્ય.' પરંતુ વ્હેપારીએ એક કરોડ મહોરો આપીને પાછું એક અઠવાડિયું થોભ-વાની કબૂલાત લઈ લીધી. તે પ્રમાણે એ વ્હેપારી, હેનો ભંડાર ખાલી થઈ જઈ, છેક ભીખારી થઈ ગયો ત્ય્હાં સૂધી મોતી આપવાનું મુલ-તવી રાખ્યે ગયો. પછી રાજાએ કહ્યું કે:—'હવે મ્હને મોતી આપ્ય.' વ્હેપારીએ કહ્યું:—'રાજા મ્હારે એક પુત્રી છે, તે આપની સર્વ રાણીઓ કરતાં વધારે સુંદર છે, ત્હેને લ્યો અને એક બીજું અઠવાડિયું થોભો.' રાજાએ તે પ્રમાણે કર્યું અને અઠવાડિયું પૂરું થયું કે આવીને કહ્યું:—'મ્હને મોતી આપ્ય.' વ્હેપારીએ કહ્યું:—'હવે મ્હારો પ્રાણ સાટામાં લઈ એક અઠવાડિયું થોભો, અને એ અઠવાડિયું પૂરું થાય એટલે એ મોતી લેજો, અને પછી મ્હારો પ્રાણ લઈ લેવાનું વચન આપો.' રાજાએ કહ્યું:—'ઘણું સારું'. પછી ત્રીજે દિવસે મોતીનો ધણી મુસાફરી-થી પાછો આવ્યો ને આવીને પોતાનું મોતી પાછું માગ્યું. ત્હેને પેલા વ્હેપારીએ મોતી આપીને કહ્યું કે:—"તું વેળાસર આવ્યો, લે,

આ ત્હારું મોતી, એટલે સર્વ સારાં વાનાં થયાં." મોતી હેના ધણીને પાછું સોંપીને વ્હેપારી રાજા પાસે ગયો અને બોલ્યોઃ–'ઓ રાજા, મોતીનો ધણી મુસાફરીથી પાછો આવ્યોછે, અને હેનું મોતી મ્હેં હેને સોંપી દીધુંછે. અને હું અહિંયાં આપની સમક્ષ હાજર થયો છું." રાજાએ કહ્યુંઃ–'હું જે મોતીની વાટ્ય જોતો હતો તે તું જ છે. હું ત્હને મ્હારી કુંવરી લગ્નમાં આપીશ, અને ત્હારી પુત્રી જે'વી ત્હારે ઘેરથી પવિત્ર અહિંયાં આવી હતી ત્હેવી જ ત્હારે ત્ય્હાં પાછી આવશે, કારણ હેને ત્હેં મ્હને થાપણમાં સોંપી હતી; અને મ્હારું સર્વ રાજ્ય અને રાજ્યવ્યવહાર ત્હને સોંપુંછું.'

આટલું કહી ચેટીએ રાજાના ચરણ આગળ પુષ્પ મૂકયું અને જતી રહી, પરંતુ રાજા ચેટી છેક અદશ્ય થઈ ત્ય્હાં સૂધી ઊભો રહ્યો ને ચેટીની ભણી જોઈ રહ્યો. પછી રાજાએ નીચા પડીને પુષ્પ હાથમાં લીધું, અને બોલ્યોઃ–"ઓ પલાશ પુષ્પ, ત્હને મ્હારી કને સોંપ્યુંછે; હું ચેટી વગર શું કરીશ ? અથવા હેને પાસે રાખવી, અને મ્હારી કીર્તિ સંભાળવી એ બે શી રીત્યે બનશે ? કારણ એ બંને એક બીજાથી વિરોધી છે. એમ કહી તે હાથમાં પુષ્પ રાખીને મંદિર-માં પાછો ગયો, અને એ બેતર્ફી સંકટના ગૂંચવાડામાંથી શી રીત્યે મુક્ત થવું ત્હેનો વિચાર કરવા લાગ્યો, પરંતુ વ્યર્થ.

શમી.

રાજાએ આખી રાત્રિ પાંદડાના શયનમાં તરફડિયાં મારીને ગાળી. અને પ્રાતઃકાળે સૂર્યોદય પ્હેલાં ઊઠીને મંદિરની બ્હાર ગયો, અને સરોવરમાંનાં રૂપેરી માછલાં કમળનાં નાળ ખાવાને પાણીની ઉપર માથાં કાઢતાં હતાં તે જોતો રાજા ઊભો હતો તેટલામાં શમીનું પીળું પુષ્પ લઈને ચેટીને પોતાની ભણી આવતી હેણે દીઠી; અને ગતિ પામેલી વેલી જેવી જ એ દેખાતી હતી. હેણે રાજા પાસે આવીને કહ્યુંઃ–"ઓ રાજા, હમારાં રાજકુંવરીએ પોતાના સ્વામીને આ અપાત્ર જનની દ્વારા પુષ્પ મોકલ્યુંછે ને કહાવ્યુંછે કે જો આપને નિદ્રા મીઠી આવી હશે તો તે પોતાને સુખી માનશે." રાજાએ કહ્યુંઃ–"પ્રિય ચેટી, જે'નો અંતકાળ પાસે આવેલો પોતે જુવેછે ત્હેને શી રીત્યે

નિદ્રા આવે ?" ચેટી બોલીઃ—“ઓ રાજા, ત્હમને શું ત્હમારો પ્રાણુ એટલો બધો પ્રિય છે ? ખરેખર, આ ચન્દ્રની કળા એકાદ પ્રગટ થઈ હતી ત્ય્હારે તો ત્હમારો પોતાનો પ્રાણુ અને જીવન ત્હમારે પોતાને મન વ્યર્થ હતાં." રાજાએ કહ્યુંઃ—“હા, પરંતુ તે પૂર્વે તો મ્હેં ત્હારું વદન કદી જોયું જ નહોતું." આ સાંભળી ચેટી હશી અને બોલીઃ—‘ઓ રાજા ! હું શું સ્ત્રી નથી ? અને સ્ત્રીઓ ત્હમારે મન શા લેખામાં ?" રાજાએ કહ્યુંઃ—“તું ગમે તે હોય ત્હેની મ્હને દરકાર નથી; મ્હારી એટલી ખાતરી છે કે તું સ્ત્રી નથી. અથવા જો તું સ્ત્રી છે તો નક્કી પ્રભુએ સ્ત્રીઓ બે વર્ગની સરજીછે, એક વર્ગમાં જગત્‌ની બાકીની સર્વ સ્ત્રીઓને હેણે મૂકીછે, અને બીજા વર્ગમાં માત્ર ત્હને એકલીને મૂકીછે." આ સાંભળીને ચેટીએ અટકચાળા ભરેલી નજરથી જોયું, ને કહ્યુંઃ—“અને હમારાં રાજકુંવરીને કિયા વર્ગમાં મૂકશો ?" રાજાએ કહ્યુંઃ—“જા, જા, ચેટી, ત્હારું હૃદય સંગેમરમર જેવું કઠણુ છે. જે વાત નિરંતર મ્હારા મનમાં જ છે ત્હેનું એક ક્ષણ પણ વિસ્મરણ નહિં થવા દે ? ચેટીએ કહ્યુંઃ—“પણ ઓ રાજા ! ત્હમે સારું કરતા નથી. હમારાં રાજકુંવરીને લગ્નના વિષયમાં નિરંતર વાટ્ય જોતી રહેવા દેશો ?" ઉમદા ઘોડો ચાબૂકના સ્પર્શથી જેમ ચમકે તેમ રાજા ચેટીના આ શબ્દો સાંભળી ચમકીને બોલ્યોઃ—“ચેટી મ્હારા ઉષાના અમૃતમાં તું વિષ ના રેડીશ. હું સારી પેઠે જાણુંછું કે તું કહેછે તે સત્ય છે, અને આ વિષયમાં મ્હારી વર્તણુક આર્યજનને યોગ્ય નથી; છતાં હેમાં સર્વ દોષ ત્હારો અને ત્હારી રાજકુંવરીનો જ છે. ત્હારું કામ ત્હારે બદલે બીજા કોઇને શા માટે ના સોંપ્યું ? પણ અરે, હેણે જો ત્હારે બદલે બીજા કોઇને સોંપ્યું હોત તો હેને ધિક્ ! કેમકે, એમ થાત તો, હાય ! ગમે તે માર્ગ હેણે લીધો હોત, તો પણુ મ્હારો નાશ તો નક્કી જ હતો. ચેટીએ કહ્યુંઃ—“શું થશે તે તો દેવ જાણે; પરંતુ ત્હમારી રાણી પ્રત્યેનાં તમારાં કર્તવ્ય શાં છે તે તો દેખીતાં જ છે." રાજાએ નિઃશ્વાસ નાંખીને કહ્યુંઃ—ત્હારું હૃદય ઘણું જ કઠણુ છે, અને ત્હારી આકૃતિ મનોહર છે; ત્હારો કંઠ મધુર છે, અને ત્હારા શબ્દો કટુ છે. આવતી કાલ્યે ત્હારા કહ્યા પ્રમાણે મ્હારું કર્તવ્ય હું કરીશ, અને રાણીની મુલાકાત લઈશ, અને જોશીને પૂછીને

લગ્નનો દિવસ ઠરાવીશ. પરંતુ આજે મ્હને ત્હારો કંઠસ્વર પૂર્ણ સંતોષ થાય ત્યહાં સૂધી સાંભળવા દે અને ત્હારું મુખ જોવા દે. મ્હારી પાસે સંધ્યાકાળ સૂધી રહેજે, જેથી આવતી કાલ્ય માટે જોઈતું બળ ત્હારી કનેથી પ્રાપ્ત કરું. ચેટીએ થોડી વાર સ્નેહભરેલાં નયનથી રાજા સ્હામું જોયું અને કહ્યું:–" ઓ રાજા, વિધાતાએ જે ભાગ્યમાં લખ્યું છે તે કોઇથી ફોક કરાતું નથી, કે ગમે તેટલા જ્ઞાનથી પણ બદલી સકાતું નથી. સાંભળો, એક રાજા હતો, હેને ઘણી રાણીઓ હતી, ત્હેમાંની એકનું નામ શ્રી હતું, પરંતુ તે નામ હેને યોગ્ય નહોતું કારણ તે સર્વમાં કદ્રૂપી હતી. પણ તે નમ્ર અને નાજુક હતી, અને કદી પોતાને વિશે ગર્વ કરતી નહોતી, અને રાજાનો પ્રેમ હેના ઉપર એટલો બધો હતો કે હેના માથાનો એક વાળ ખરતો બચાવવાને, પોતાનું રાજ્ય, પ્રાણ, અને ત્રણે લોકનું ધન આપી દેવાને તૈયાર હતો. એક વાર હેવું બન્યું કે એક દિવસે એક અપરાધી મનુષ્ય અપરાધ કરતે પકડાયો, ત્હેને રાજાએ તરત જ દેહાન્ત દંડની શિક્ષા કરી, અને હેનો વધ કરાવ્યો. થોડીવાર પછી ધર્મગુરુઓએ રાજા પાસે આવીને કહ્યું:–" ઓ રાજા, જે મનુષ્યનો ત્હમારી આજ્ઞાથી વધ કર્યોછે તે બ્રાહ્મણ હતો તેથી દેવો કોપાયમાન થયાછે અને ત્હમારાં પ્રાણ અને રાજ્ય ભયમાં છે; માટે જો બલિદાન આપીને સાન્ત્વન નહિં કરો તો દેવો આપણા સર્વનો નાશ કરશે." રાજાએ પૂછ્યું:–' શેના બલિદાનથી બચાવ થાય?' ધર્મગુરુઓએ કહ્યું:–" જે રાણીનો ત્હમારા ઉપર પ્રેમ સર્વથી વધારે છે, અને જે રાણી ઉપર ત્હમારો પ્રેમ સર્વથી વધારે છે ત્હેના.' આ સાંભળીને રાજાના મનમાં ઘણો ગભરાટ પેઠો; અને એ અસત્ય બોલ્યો:–' મ્હારા ઉપર સર્વ કરતાં વધારે પ્રેમ રાખનાર રાણી અને મ્હને સર્વથી વધારે પ્રિય રાણી પ્રિયદર્શિની છે. પરંતુ હાય! હાય! એ સર્વ કરતાં વધારે સુંદર છે.' ધર્મગુરુઓએ કહ્યું:–' ઘણું સારું, કાલે સ્હવારે યજ્ઞ કરીશું.' એમ કહીને ગુરુઓ ગયા. બીજે દિવસે સ્હવારે યજ્ઞવેદિ આગળ અસંખ્ય મનુષ્યો એકઠાં થયાં, અને રાજા પાસે સિંહાસન ઉપર બેઠો. જે રાણીનો બલિ આપવાનો હતો ત્હેના મુખ ઉપર લૂગડું ઢાંકી દઈને હેને ત્યહાં દોરી આણી; વધ કરનાર ઋત્વિજ હાથમાં છરી લઈને

ઊભો હતો. રાણીના મુખ ઉપરનું લૂગડું કાઢી નાંખ્યું, અને રાજાએ જોયું તો તે પ્રિયદર્શિની નહિં, પણ શ્રી નીકળી! આથી રાજા મહાદુઃખથી સિંહાસનમાં એકદમ ઊછળ્યો. હેની દૃષ્ટિ આગળથી જગત્ અદૃશ્ય થવા લાગ્યું અને શું કરુંછું ત્હેના ભાન વિના હેણે હાથ હલાવ્યા અને ભેરી જેવા સ્વરે બોલી ઊઠ્યોઃ–"નહિં, નહિં, શ્રીને નહિં, શ્રીને નહિં!" પરંતુ વધ કરનારે છરી ઊંચી કરી, અને જે'વો એ ઊંચી કરેછે કે તરત જ તે હેના વસ્ત્રમાં જ ભરાઈ અને ભૂમિ ઉપર પડી ગઈ. પણ હેણે ક્ષણમાં પાછી ઉપાડી લીધી, ઊંચી કરીને પ્રહાર કર્યો. પણ તે જ ક્ષણે રાજા પોતાની રાણી અને છરાની વચમાં વાઘની પેઠે કૂદી પડ્યો, એટલે છરાનો પ્રહાર રાજાના હૃદય ઉપર થયો. શ્રી તરત જ રાજાના શરીર નીચેથી ઊઠી, અને ચોપાસ લોકોના ટોળા ભણી જોયું, અને ભૂમિ ઉપર બેઠી, અને રાજાનું માથું પોતાના ખોળામાં લીધું, અને રાજાના શરીર ઉપર માથું નાંખી દઈ, રાજાની જોડે પરલોકગમન કર્યું. આથી સર્વ લોકોમાં નિઃશબ્દ શાન્તિ પ્રસરી રહી. અને ભયથી લોકો શું થશે તેની વાટ્ય જોવા લાગ્યા. આખરે ધર્મગુરુએ કહ્યુંઃ–"યજ્ઞ સંપૂર્ણ થયોછે, અને દેવોનું સાન્ત્વન થયું છે, કારણ એક જીવના બદલામાં એકનો નહિં, પરંતુ બે જીવનો યજ્ઞ થયોછે." આટલું કહીને ચેટી ચૂપ રહી અને રાજાના ચરણ આગળ પુષ્પ મૂકયું, અને જવાને ફરી. પણ રાજા હૃદય ક્ષોભથી ધ્રૂજવા લાગ્યો, ને કંપતે અવાજે બોલ્યોઃ–"શું! ચેટી! તું આવી તો હમણાં જ, અને એટલામાં જાયછે? મ્હને બીજી એક વાર્તા કહે તો ત્હારો સ્વર હું સાંભળ્યા કરું. અથવા ત્હારી ઇચ્છા હોય તો બોલ્યા કર્યા વિના જ, છે તેમ જ ઊભી રહે, અને મ્હને ત્હને નિહાળવા દે, એટલે ત્હારી ભ્રૂકુટી, ત્હારું સ્મિત, અને ત્હારી આંખ્યોનો શ્યામ રંગ, એ સર્વની છાપ મ્હારા હૃદયમાં ઊંડી ઊતરી પાકા રંગની પેઠે ત્ય્હાં સ્થપાઈ રહે, જેથી તું જાય ત્ય્હારે હું નિરાશામાંથી બચું." આ સાંભળીને ચેટી પાછી ફરી અને ઊભી રહી, અને એકાએક રાજાની પાસે આવીને રાજાના હાથ ઉપર પોતાનો હાથ મૂકીને બોલીઃ–" ઓ રાજા, હવે મ્હારે જવું જ પડશે, વખત થઈ ગયોછે. પણ થોભો, વખતે મ્હારાં રાજકુંવરી મ્હને પાછી મોકલશે, કારણ કાવ્યને માટે

વ્યવસ્થા કરવાની છે.” એટલું કહીને ચેટી રાજા ભણી સ્મિત કરીને વનમાં થઈને ઝડપથી જતી રહી. રાજા હેને જોતો સ્થિર ઊભો રહ્યો, અને પછી નીચા પડીને શમીનું પુષ્પ ઊપાડ્યું ને બોલ્યોઃ—“ શમી, મ્હારી પેઠે ત્હારા હૃદયમાં પણ અગ્નિ છે, જે’વી તું અશ્વત્થને છે ત્હેવી મ્હારે મન ત્હને મ્હારા પગ આગળ મૂકી જનારી છે. ત્હારી પેઠે જ મ્હારા અગ્નિની જ્વાલા પ્રગટાવવાને માત્ર હેના હસ્તના સ્પર્શનો જ ખપ હતો. હું અહિંયાં જ સરોવરતટે હેની વાટ્ય જોઈશ; અને એ જો નહિ આવે તો બીજા પ્રભાત સૂધી મ્હારો પ્રાણ રૂહેશે નાહિં.

રાજા સરોવર કાંઠે જ વાટ્ય જોતો ઊભો રહ્યો. જે દિશામાં વનમાં ચેટી જતી રહી હતી તે દિશામાં આતુરતાથી જોતો, ઘડીકમાં બેસતો હતો, તો ઘડીકમાં ઊભો થતો હતો, દરમિયાન કલાક ઉપર કલાક વહી ગયા, અને સૂર્ય આકાશમાં ઊંચો ઊંચો ચઢતો ગયો. તાપ વધવા લાગ્યો, અને શાન્ત નિદ્રાવશ સરોવર ઉપર ખીલેલાં કમળો સૂર્યનાં કિરણોથી રૂપેરી દેખાવા લાગ્યાં; માછલાં સરોવરમાં અને પક્ષીઓ વૃક્ષો ઉપર નિદ્રાવશ થયાં; મધમાખીઓ ગુંજારવ કરતી થાકીને પુષ્પમાં ઘેન ચઢેલી સૂઈ ગઈ; અરણ્ય જાણે મૂર્છાવસ્થામાં હોય તેમ શાન્ત થયું; અને વૃક્ષની ડાળીઓ ઉપરનાં પાંદડાં પણ હાલતાં બંધ પડ્યાં. એટલામાં રાજા વાટ્ય જોતો હતો ત્ય્હાં એકાએક મધુપમંજરીને દૂર જ્ય્હાં એ અદશ્ય થઈ હતી ત્ય્હાંથી આવતી દીઠી. થોડી વાર તે ભીંત્ય ઉપરના ચિત્રની પેઠે ઊભી રહી, અને રાજા ત્હેની ભણી આનન્દલયથી નિરખી રહ્યો; તે વખતે નિઃશબ્દ દશામાં એ પોતાના હૃદયના ધબકારા સાંભળતો હતો. થોડીવાર પછી મધુપમંજરી-એ મન્ત્રમુગ્ધદશાનો ભંગ કર્યો, અને તે જરા હાલી; અને બહુ ધીમે ધીમે હેની તરફ આવીને રાજાની સંમુખ ઊભી રહી; પરંતુ હેના હાથમાં કાંઇ નહોતું; અને એ બોલીઃ—“ ઓ રાજા, હમારાં રાજ-કુંવરીને એક કમળ જોઇયે છિયે; તેથી હેમણે મ્હને પોતાના સ્વામી પાસેથી કમળ માગી લાવવા મોકલીછે.” ચેટી જમીન તરફ સ્થિર દૃષ્ટિ કરીને ઊભી હતી, અને હેની સુંદર કાળી અને લાંબી પાંપણો પડછાયા જેવી હેના ગાલ ઉપર ઢળી હતી, તે જોતો રાજા ઊભો

રહ્યો. હેનું હૃદય સ્તબ્ધવત્ રહ્યું, અને એ મૌન રાખીને ઊભો. હેણે બોલવાનો યત્ન કર્યો પણ હોઠ ઉપર શબ્દ આવ્યા જ નહિં. એ પ્રમાણે બંને જણાં વનમાં શાન્તિથી ઘેરાયલાં ઊભાં રહ્યાં. છેવટે રાજા બોલ્યોઃ–"પ્રિય ચેટી, મ્હારે એક વાત ત્હને પૂછવીછે, પરંતુ પૂછતાં અચકાઉં-છું." ચેટીએ કહ્યુંઃ—"રાજાને અચકાવાનું શું કારણ છે ?" એમ કહી એની તરફ ક્ષણભર સ્મિત કરીને જોયું. પણ તે સ્મિત પ્રગટ થતા ન થતામાં જતું રહ્યું, અને હેણે નીચે નજર નાંખી. રાજાએ કહ્યુંઃ–"ચેટી, હું ત્હારા ઉપર પ્રેમમાં મુગ્ધ છું કે નહિં તે મ્હને કહીશ ?" આટલું પૂછીને રાજાએ હેના સ્હામું ધારીને જોયું, તો ચેટીની મુખમુદ્રા ઉપર ગુલાબી રંગ ચઢી આવતો અને જતો ર્‌હેતો જોયો. ચેટીએ અંતે ધીમેથી કહ્યુંઃ–"રોગનાં ચિહ્ન જાણ્યા વગર વૈદ્ય શી રીત્યે નિર્ણય કરી સકે ?"

રાજા આગળ ગયો અને ચેટીની છેક પાસે ઊભો; અને પોતાના બંને હાથ પોતાની પછવાડે રાખી સજજડ એક બીજા સાથે બીડી રાખ્યા, અને ચેટી તરફ વળીને કહ્યુંઃ—"હું ત્હારા પ્રેમને વશ થયો છું કે નહિં તે હું જાણી સકતો નથી, માટે જ ત્હને પૂછુંછું. કારણ, એક સમયે મ્હને એમ લાગ્યું હતું કે પ્રેમને વશ થયોછું, પણ જે'વું હમણાં મ્હારા હૃદયમાં થાયછે ત્હેવું તે સમયે થતું ન્હોતું. જો તે સમયે હું પ્રેમને વશ હતો, તો હું હમણાં નથી; અને જો હાલ પ્રેમને વશ છું તો તે સમયે નહોતો. અને ખરું શું છે તે તું કદાચ કહી સકીશ, કારણ, તું ઘણી બુદ્ધિશાળી છે, અને હું નથી. કારણ, જ્યહારે હું ત્હને આવતી દેખુંછું ત્યહારે મ્હારી દૃષ્ટિ સ્હામે અંધારાં આવેછે, અને મ્હારા શરીરમાં અગ્નિ ઉત્પન્ન થઈને બધે પ્રસરેછે. ત્હારો સ્વર મ્હને મૂર્છિત કરી નાંખેછે, અને હિમની પેઠ મ્હને બાળેછે; અને મ્હારાં ગાત્રોમાં અગ્નિની જ્વાલાની પેઠે કંપ પ્રસરેછે, અને મ્હારા કાનમાં બ્હેર મારી નાંખે હેવો નાદ ગાજેછે, અને હું શું કરુંછું ત્હેની મ્હને ખબર પડતી નથી. મ્હારી આંખ્યોમાં અશ્રુ ભરાઈ આવેછે, છતાં મ્હને આનંદથી હસવાની ઇચ્છા થાયછે; અને હું બોલવાનો યત્ન કરુંછું તો હમણાં થાયછે તેમ મ્હારો સ્વર કંપેછે; અને મ્હારા ગળામાં ડચૂરો બાઝેછે, અને હું શ્વાસ લેવાનું કરુંછું તે

પણ લેવાતો નથી, અને મ્હારા હૃદય ઉપર કાંઈક દરદ દબાણ કરેછે. અને બીજું શું થાયછે ત્હેનું હું વર્ણન પણ કરી સકતો નથી. પણ આટલું હું જાણુંછું કે તું મ્હારી પાસે હોયછે ત્ય્હારે હું જીવતો લાગુંછું અને તું જાયછે ત્ય્હારે મરણ જેવું લાગેછે."

પણ મધુપમંજરી બોલ્યા વિના ચૂપ ઊભી રહી. હેનો અધર સ્હેજ કંપવા લાગ્યો, અને હેની પાંપણો ઉપર એક અશ્રુબિંદુ આવી અટક્યું, અને હેનું ઉર ધીરે ઉછળવા માંડ્યું. અંતે હેણે ઊંચાં નયન કર્યાં, અને આંસુભર્યાં નયન સાથે સ્મિત કરીને કહ્યું:–"ઓ રાજા, મ્હારે અહિંથી જતા રહેવું જોઇયે, કારણ ત્હમારા આ શબ્દો મ્હારા કરતાં મ્હારાં રાજકુંવરીને વધારે યોગ્ય છે." રાજાએ લાંબો નિ:શ્વાસ નાંખ્યો અને ઊભો થયો. અને પછી આસપાસ નજર જરા નાંખીને પછી હશ્યો. પછી બોલ્યો:–"ત્હેં મ્હને સાહસને કાંઠે આણ્યોછે તેથી મ્હને કશાની હવે દરકાર નથી. જો, હું પુરુષ છું, ને બળવાન્ પુરુષ છું, ને તું સ્ત્રી છે, અને નાજુક સ્ત્રી છે. માટે ત્હને હું જવા નહિં દઉં, કેમકે તું મ્હારું જીવન લઈ જતી ર્‌હેછે." એમ કહી રાજાએ એકાએક ચેટીને પોતાના બે ભુજ વચ્ચે સજ્જડ પકડી તેથી ચેટીએ ચીસ પાડીને તરફડિયાં માર્યાં; અને અડધી ભયભીત ને અડધી હસતી બોલી:–"આર્યપુત્ર! મ્હને જવા દ્યો. હું જ રાણી છું તે ત્હમે આટલો સમય કળી સક્યા નથી?"

જાણે કોઇયે હૃદયમાં તલવાર ભોકી હોય તેમ, આ સાંભળીને, રાજા ચમકીને કૂદ્યો, અને વિસ્મય પામીને સ્તબ્ધ ઊભો રહ્યો. મધુપ-મંજરી હેના ભણી જોઈ રહી, અને પોતાની ઇચ્છાવિરુદ્ધ જ હસવા મંડી. રાજા પ્રથમ આશ્ચર્યથી, પછી લજ્જાથી, અને અંતે હર્ષથી હેની ભણી તાકીને જોઈ રહ્યો, અને બોલ્યો:—"ત્હારે જેટલું હસવું હોય તેટલું હશ્ય, કારણ, ત્હારું હસવું ગાયન જેવું મધુર મ્હારા શ્રવણમાં લાગેછે. અને તું મ્હારી સમીપ હોય એટલે ગમે તે કરીશ ત્હેની મ્હને ચિન્તા નથી. પરંતુ ઓ કપટી ચેટી! આ શું કર્યું? તું જ મ્હને કહેતી હતીને કે રાણીને છેતરશો નહિં? અને મ્હને ત્હેં આ શું કર્યું?"

તરત જ મધુપમંજરી હસતી બંધ પડી, અને હેની આંખ્યો-

માંથી અશ્રુપ્રવાહ નીકળ્યો. હેણે પોતાના સ્વામી ભણી સ્મિત કરીને જોયું; અને હેની પાસે એકાએક આવીને હેનો હસ્ત ઝાલીને સરોવરના પગથિયા ભણી દોરી ગઈ અને ત્ય્હાં બેસાડીને બોલીઃ—"ત્હમે અહિંયાં બેસો; હું સર્વ વાત ત્હમને કહું." એમ કહી રાજાની જમણી બાજુએ ઢીચણિયે પડીને બેઠી, ને રાજાનો જમણો હાથ પોતાની કમ્મરે વીંટ્યો, અને હેનો ડાબો હસ્ત પોતાના હસ્તમાં લીધો. પછી મધુપમંજરી બોલીઃ—"ત્હમે કેટલા ભોળા છો? એક સ્ત્રી તૃણ જેવી હલકી ને છુછલી નીવડી તે ઉપરથી ત્હમે શું એમ ધાર્યું કે સર્વ સ્ત્રીઓ હેવી જ હોયછે? અને એમ ત્હમે ધાર્યું હતું કે સ્ત્રીના પ્રેમના અમૃત વગર ત્હમે ત્હમારું આખું જીવન ગાળી સકત? હવે સાંભળો, ત્હમારાથી વાત છાની રાખી હતી તે હું ત્હમને કહું; જ્ય્હારે મ્હારા પિતાજીએ ત્હમને મ્હારે માટે કહેણ મોકલ્યું ત્ય્હારે મ્હેં પણ મ્હારો દૂત મોકલ્યો હતો; ત્હેણે મ્હને ત્હમારું ચિત્ર આણી આપ્યું; અને ત્હમારે વિશે સર્વ વાત કહી, અને ત્હમને દીઠા પ્હેલેથી જ હું ત્હમારા પ્રેમને આધીન થઈ હતી; અને મ્હેં નિશ્ચય કર્યો કે ત્હમે પણ એ સ્થિતિમાં આવો એમ કરવું; હું કોણ છું તે જાણ્યા વિના જ મ્હારે માટે ત્હમે ઉત્કંઠિત થાઓ એમ મ્હેં તજવીજ કરી. પરંતુ એક દિવસ મ્હારો નિશ્ચય ડગમગ થવા લાગ્યો; તે દિવસે હું ત્હમારી પાસે ના આવી. તે આખો દિવસ મ્હેં ત્હમારે માટે રુદન કરીને કાઢ્યો, અને ત્હમને મળ્યા વિનાની દશા મ્હને અસહ્ય લાગી. હવે, ત્હમે કદી પણ ના ચાખેલી જીવનની મધુરતા હું ત્હમને ચખાડીશ. કારણ, જ્ય્હારે ત્હમે આનન્દિત હશો ત્ય્હારે હું ત્હમારો આનન્દ બમણો વધારીશ; અને જ્ય્હારે ત્હમને દુઃખ થતું હશે, ત્ય્હારે ત્હમારું દુઃખ અડધું ભાગમાં લઈને ઓછું કરી નાંખીશ, તેથી તે ત્હમને આનન્દરૂપ થશે, આનન્દ કરતાં પણ વધારે સુખકર થશે. જ્ય્હારે ત્હમે શરીરે સુખી હશો ત્ય્હારે વિનોદ અને વિવિધ સુખથી ત્હમને અતિતૃપ્ત કરી નાંખીશ; અને ત્હમે માંદા પડશો ત્ય્હારે ત્હમારી સેવા કરીશ; ત્હમે થાક્યા હશો ત્ય્હારે મ્હારી છાતી ઉપર માથું મૂકી ઊંઘ લેજો, એ ત્હમારો તકિયો બનશે. રાત્રિ દિવસ મ્હારો આત્મા ત્હમારી સાથે જ રૂહેશે, અને મ્હારા બે ભુજ નિરંતર ત્હમને વીંટેલા રૂહેશે.

જ્યહારે ત્હમને મ્હારો ખપ નહિં હોય ત્યહારે હુ ખશી જઈશ; અને જ્યહારે મ્હારો ખપ હશે ત્યહારે ત્હમારી પાસે આવીશ. જો હું ત્હમારા પ્હેલી મૃત્યુ પામીશ તો તો ઘણું સારું; અને ત્હમને મ્હારી ખોટ પડશે. અને જો ત્હમે મ્હારા પ્હેલાં મૃત્યુ પામશો તો હું ચિતામાં બળી ત્હમારી જોડે આવીશ; કારણ હું ત્હમારા વગર જીવી સકીશ નહિં, એક દિવસ પણ જીવીશ નહિં. કેમકે, જે મ્હારે મન આ સંસારમાં સાર હતો, જે'ને લીધે આ સંસારમાં યથાર્થતા હતી ત્હેના ગયા પછી, સ્વપ્ન, ચન્દ્રિકા, સરોવરના પાણીમાંનાં પ્રતિબિમ્બ, છાયા, વગેરેની પેઠે હુ પણ શૂન્યતામાં લુપ્ત થઈ જઈશ. કારણ હું તો ફક્ત ત્હમારારૂપે જે દેહ અસ્તિત્વમાં છે, ત્હેની જોડી, ત્હેની નકલ, ત્હેનો પ્રતિધ્વનિ નહિં, તો બીજી કોણ છું? ત્હમારી ધ્રુવ અને અરુંધતી, ત્હમારી રતિ અને રાધા, ત્હમારી ચક્રવાકી અને ક્ષેત્રભૂમિ, ત્હમારી શક્તિ અને યુગ્મરૂપ થવું તે શું મ્હારું કર્તવ્ય અને મ્હારો ધર્મ નથી? ત્હમારા પ્રેમના પર્વતથી મ્હને વલોવશો તો દૂધના સમુદ્રની પેઠે, મ્હારામાંથી મ્હારું સત્ત્વ ત્હમને મળશે, અને ત્હમને જણાશે કે પતિવ્રતા સ્ત્રી તે સૌન્દર્યનું નવનીત, યૌવનનો મદ્ય, આનંદનો મધુર રસ, હાસ્યનું લવણ છે, અને તે સમુદ્રના મોજાના ફીણમાંથી ઉદ્ભવ પામેછે. હું ત્હમને અમૃતરૂપ, કર્પૂરગન્ધરૂપ, કમલરૂપ, અને માધુર્યરૂપ થઈશ, અને ત્હમારા જીવનનું તત્ત્વ અને રસ બતાવીશ, પછી ત્હમે કબુલ કરશો કે મ્હારા વગર ત્હમારું જીવન શૂન્યતાથી ભરપૂર, અર્થ વગરના શબ્દ, અને ચન્દ્ર વગરની રાત્રિ જેવું હતું."

પછી રાજાએ ત્હેનું માથું પોતાના હાથમાં ઝાલ્યું, અને ત્હેની આંખ્યો તરફ દૃષ્ટિ કરી અને ત્હેને જણાયું કે જે તે કહેતી હતી તે સત્ય જ હતું. પછી એકાએક, બળ કરી, રાજા ત્હેનાથી છૂટો પડ્યો, અને ઊભો થયો. કારણ ત્હેના હૃદયમાં પ્રેમનો ઊભરો ઊભરાઈ આવ્યો હતો. એક ક્ષણ પછી તે પાછો ત્હેની પાસે આવ્યો, અને બોલ્યોઃ– "વ્હાલી ચેટી, તું કંઈક ભૂલેછે." ત્હેણે પૂછ્યુંઃ–"હું શું ભૂલુંછું?" પછી રાજાએ કહ્યુંઃ–"તું ત્હારી રાજકુંવરી માટે સરોવરમાંથી કમળ નહિં લઈ જાય?"

આ સાંભળી મધુપમંજરી હર્ષથી હશી, અને કહેવા લાગીઃ— "હે રાજા, ત્હમે કહોછો તે ખરું છે." તે બે જણાં ફર્યાં અને સરોવર તરફ જવા લાગ્યાં. જતે જતે રસ્તામાં રાજાએ મધુપમંજરી તરફ જોયું અને કંપ્યો. તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કેઃ— "હજી હેણે મ્હને ચુમ્બન કર્યું નથી. હજી તો તે સમય આવવાનો છે." પછી તેઓ સરોવરની પાસે ગયાં. ત્હાં ત્હેના કિનારા આગળ કમળ ખીલેલું ત્હેમણે દીઠું. તે જોઈ રાજા બોલ્યોઃ—"હવે આ કમળનું ફૂલ તું તોડ્ય, અને સરોવરમાં તું પડી ન જાય માટે હું ત્હને ઝાલી રાખીશ." એમ કહી હેણે ત્હેને ભુજયુગલમાં ઝાલી રાખી, અને બંને જણાં સરોવરના તટ ઉપર રહી વાંકાં વળ્યાં. મધુપમંજરીએ કમળ તોડવાને પોતાનો હાથ લંબાવ્યો. પછી રાજાએ નીચે સ્વરે ત્હેના કાનમાં કહ્યુંઃ—"ત્હને સરોવર આગળ આણવાની મ્હારી મતલબ તું હવે સમઝી? જો ત્હારી એક કાન્તિને બદલે હવે બે દેખાયછે. હવે એ બેમાંથી કી કાન્તિ ઉપર હું ચુમ્બન કરું? અને મ્હને ચુમ્બન કોણ કરશે? ચેટી કે રાણી?"

મધુપમંજરીએ કમળ તોડ્યું. અને રાજા તરફ મુખ ફેરવીને બોલી—"બંને."

શુદ્ધિ પત્ર.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૮	૮	પુરુષો	માણસો
૩૩	૧૫	પોતાનો	પોતાના
૩૬	૧૨	કારણ	કારણ,
૩૯	છેલ્લેથી ૪ થી	મ્હારૂં	"મ્હારૂં
૪૦	૪	કરૂં.	કરૂં."
૪૦	છેલ્લી	ઋત્વિજ	ઋત્વિજ્
૪૧	૧૭	કારણ	કારણ,